# JAIN KRANTI
# જૈન ક્રાંતિ

Vol. 12 I Issue 2 I Mumbai I June 2021 I Price Rs. 25/- I Pages : 28



વિ. સં. 1845નો મહા સુદ - પાંચમનો મંગલદિન... પૂજ્ય શ્રી ડુંગરસિંહજી મહારાજ સાહેબને

ચતુર્વિધ શ્રીસંઘે આચાર્ય પદથી વિભૂષિત કરીને, ધર્મના નાયક બનાવ્યા અને ત્યારે જ
ગૌરવવંતા ગોંડલ ગચ્છની સ્થાપના થઈ...



આટલું શીખીએ દાદા ગુરુદેવમાંથી

## ગમ ખાવી અને શાંતિ સ્થાપવી તે

## આચાર્યદેવ પૂજ્ય શ્રી ડુંગરસિંહજી મહારાજ સાહેબનો

## જીવનમંત્ર હતો.

### ગોંડલ સંપ્રદાય સંસ્થાપક

## આચાર્યદેવ પૂજ્ય શ્રી ડુંગરસિંહજી સ્વામી

# જીવન પરિચય



| | |
|---|---|
| જન્મ | : વિ.સં. 1792 |
| જન્મભૂમિ | : માંગરોળ (સૌરાષ્ટ્ર) |
| જન્મ નામ | : ડુંગરસિંહભાઈ બદાણી |
| પિતાશ્રી | : ધર્મનિષ્ઠ શ્રી કમળસિંહભાઈ બદાણી |
| માતુશ્રી | : ધર્મપરાયણ શ્રીમતી હીરબાઈ બદાણી |
| દીક્ષા તિથિ | : વિ.સં. 1815 કારતક વદ - 10 |
| દીક્ષા ભૂમિ | : દીવ બંદર (સૌરાષ્ટ્ર) |
| દીક્ષા ગુરુ | : પૂજ્ય શ્રી રત્નસિંહજી મહારાજ સાહેબ |
| દીક્ષા નામ | : પૂજ્ય શ્રી ડુંગરસિંહજી મહારાજ સાહેબ |
| ગોંડલ ગચ્છ સ્થાપના અને આચાર્ય પદથી વિભૂષિત | : વિ.સં. 1845 મહાસુદ - 5, ગોંડલ |
| સ્વર્ગગમન | : વિ.સં. 1977 વૈશાખ સુદ - 15 |
| સંથારો | : 61 દિવસ, ગોંડલ (સૌરાષ્ટ્ર) |
| આયુષ્ય | : 85 વર્ષ |

### પૂજ્યશ્રીના પરિવારના દીક્ષા સાથીઓ:

**શ્રી ડુંગરસિંહભાઈ**

માતુશ્રી: હીરબાઈ
બહેન: વેલબાઈ
ભાણેજ: હીરાચંદભાઈ
ભાણેજી: માનકુંવરબેન

JAIN KRANTI
# જૈન ક્રાંતિ
5th June 2021, YEAR: 20, ISSUE - 243

**PAGES : 24 + 4 • RETAIL PRICE : ₹ 25**

યુગો યુગોનો ઈતિહાસ સાક્ષી છે ...

'મહાનતા' નું સર્જન કદી સહજ નથી હોતુ !

કઠિન સાધના - આરાધનાના ગર્ભગૃહમાંથી

મહાનતાનું પ્રાગટ્ય થતું હોય છે !

જે હજારો હૃદય માટે પૂજનીય વંદનીય અર્ચનીય બને છે !

એવી જ વંદનીય મહાનતાના

**એક અવતાર પુરુષ...**

જેમની મહાનતાનું સંસ્કરણ થયું ધર્મ પરાયણ માતાના ગર્ભથી !

અને પ્રાગટ્ય થયું ...

આત્મવિશુદ્ધિની સ્વર્ણિમ સાધના અને

અનુપમ આરાધનાના ગર્ભગૃહમાંથી !



મહાનતા જ જેમના નામનો પર્યાય હતી એવા

હજારો હૃદયમાં પૂજનીય વંદનીય અર્ચનીય

સ્થાન પર બિરાજી રહેલાં...

ગોંડલ ગચ્છ સંસ્થાપક એકાવતારી નિદ્રાવિજેતા મહાપુરુષ

**આચાર્યદેવ પૂજ્ય શ્રી ડુંગરસિંહજી મહારાજ સાહેબના**

નત મસ્તક કરી દેનારા ગુણ સમૃદ્ધ જીવનને

અક્ષરચિત્રમાં જાણીએ ...

વાંચીએ ...

તાદૃશ્ય કરીને અભિવંદિત થઈએ ...

આ અંકમાં !

**: FORMER EDITOR :**
SHREE RASIKBHAI PAREKH

**: PUBLISHER :**
SHREE DEEPAKBHAI BHAYANI

**: EDITOR :**
SHREE PRATIMABEN BADANI

**: CONTACT :**
PARASDHAM
VALLABH BAUG LANE, TILAK ROAD
GHATKOPAR (E) MUMBAI - 400077
PH: +91-22-25015152

**: EMAIL :**
connect@parasdham.org
website: www.parasdham.org

**: JOIN US ON :**
www.facebook.com/ParasdhamIndia
www.youtube.com/ParasdhamTV

**Printed, Published, Edited and Owned by**
DEEPAK K. BHAYANI

**Printed at**
Arihant Printing Press
Ghatkopar (E), Mumbai - 400 077
and
**Published at**
202, Satellite Building,
Opp. Mistry Complex, J. B. Nagar,
Andheri (East), Mumbai - 400 099

**: SUBSCRIPTION :**

| | | |
|---|---|---|
| LIFE TIME (WITHIN INDIA) | : | ₹ 2500 |
| FOR 2 YRS. (WITHIN INDIA) | : | ₹ 500 |
| LIFETIME (INTERNATIONAL) | : | ₹ 20000 |
| FOR 1 YR. (INTERNATIONAL) | : | ₹ 2500 |

**આપશ્રીને 'જૈન ક્રાંતિ'ને અનુદાન આપવું હોય તો સંપર્ક : +91-9324808181**

**TO KNOW MORE ABOUT PUJYA GURUDEV CONTACT ON: +91-9860905678**

श्रुतविभूषणार्यमरिन्दमम्
प्रखरदीप्तिधरं यमिनां वरम्
भयदसंसृतिमोहनिकन्दनम्
गिरिहरिं सुगुरुं प्रणमाम्यहम्

શ્રુત-શાસ્ત્રજ્ઞાન જ જેમનું ભૂષણ છે અર્થાત્ શાસ્ત્ર-જ્ઞાનના પ્રભાવક,
આર્ય-શ્રેષ્ઠપુરુષ, અરિંદમ-કામ, ક્રોધ, માન, માયા, લોભ આદિ રિપુઓનું દમન કરનાર,
પ્રખર દીપ્તિ-તેજસ્વિતાને ધારણ કરનાર, સંયમી-સાધુપુરુષોમાં શ્રેષ્ઠ, ભયંકર સંસારના
કારણભૂત-મોહને નષ્ટ કરવામાં તત્પર એવા
**શ્રી ડુંગરસિંહજી સ્વામી સદ્‌ગુરુ**ને હું વિનમ્રભાવે પ્રણામ કરું છું.

# આચાર્ય પૂજ્ય ડુંગરસિંહજી મહારાજ સાહેબના
# જીવન-ચરિત્રને જાણીએ



## સાવજે શોભતું મેંદરડા

ધન્ય ધરા સોરઠની
સોરઠનું મેંદરડા ગામ, જાણે કે વનરાજોનું ધામ
ખળખળ વહેતી નદી, સાવજ જ્યાં સેંજળ પીવે.

મેંદરડા ગામ તો ગીર-વનવગડાથી ઘેરાયેલું રહેતું. સાંજ પડે, ને મેંદરડાની નદીમાં સાવજો પાણી પીતા હોય..!

જે ધરતીમાં સિંહ અને સિંહણોનો વાસ હોય એ ધરતી કેટલી શૌર્યથી ભરી-ભરી હોય !

સમય સરકતાં જગત જૂનામાંથી નવું બનતું જાય છે. તેમ કેટકેટલાં આ સોરઠની ધરતીમાં નગરો-મહાનગરો જન્મ્યા અને કાળમાં વિલીન પણ થઈ ગયાં....

પરંતુ ઘણી વખત કોઈ એક ગામ કોઈ વિરલ પ્રતિભાશાળી વ્યક્તિના નામે અંકાઈ જતું હોય છે અને એટલે આજે પણ ઘણાં કહે છે ને કે આ મેંદરડા ગામમાં ધર્મ ધુરંધર આચાર્ય પૂજ્ય શ્રી ડુંગરસિંહજી મહારાજ સાહેબના પિતા શ્રી કમળસિંહભાઈ અને માતા શ્રી હીરબાઈ રહેતાં હતાં, જેમના હૃદયમાં ધર્મના અવિરત વહેણ વહેતાં હતાં. શ્રી કમળસિંહભાઈ તથા માતા હીરબાઈ સુખ શાંતિથી ગૃહસ્થજીવન વ્યતીત કરી રહ્યાં હતા. ન્યાય, નીતિ, પ્રામાણિકતા, સરળતા જેવા સહજ પ્રગટેલા સદગુણોથી બદાણી કુટુંબમાં તેમની શાખ હતી. પરંતુ શ્રી કમળસિંહભાઈને વ્યાપાર્થે મેંદરડાથી માંગરોળ જવું પડ્યું.

## ગર્ભમાં પાંગર્યું રત્ન

માતા શ્રી હીરબાઈ ધર્મપરાયણ અને સુશીલવંતા આર્ય સન્નારી હતા. એક પુત્રી વેલબાઈનું લાલનપાલન કરતાં હતા.

એક રાત્રિએ માતા હીરબાઇનો આત્મા અકારણ જ ઉલ્લસિત થઈ રહ્યો હતો. સમજ પડતી ન હતી કે આનંદોલ્લાસ શેનો હતો ?

તેઓ બાહ્ય દ્રષ્ટિએ ઊંઘતા હતા પણ અંતર દ્રષ્ટિએ સ્વપ્ન જગતમાં જાગૃત હતા અને સ્વપ્નમાં તેમણે દૂર-દૂર લીલોછમ પર્વત, અને એ પર્વત માળામાં શુભ પગલા ભરતો, હાથીને હંફાવનાર મહાકાય 'વન કેસરીને' આનંદપૂર્વક ડોલતો-ડોલતો પોતાના તરફ આવતો નિહાળ્યો.

**મહાપુરુષનું આગમન થવાનું હોય એની પહેલાં પ્રકૃતિ સંકેત આપી જ દે છે.**

તેમણે પ્રાત:કાળે બ્રહ્મમુહૂર્તમાં ઉઠી પંચ પરમેષ્ઠીનું સ્મરણ કરી પતિ સમક્ષ સ્વપ્નની હકીકત રજૂ કરી. શ્રી કમળસિંહભાઈ શેઠે તરત સ્વપ્નનો મર્મ સમજી લીધો કે રાંકને ઘેર રત્નની પ્રાપ્તિ થવાની છે.

માતા હીરબાઇએ ગર્ભાવસ્થાના નિયમોનું યથાયોગ્ય પાલન કરી, નવ મહિના ધર્મમય જીવન જીવી, વિક્રમ સંવત 1792 ના એક પુણ્ય પ્રભાતે શુભ નક્ષત્રના શુભ સંયોગે એક સુંદર સ્વસ્થ બાળકને જન્મ આપ્યો. જેમનું નામ, જોયેલ સ્વપ્ન અનુસાર પાડવામાં આવ્યું 'ડુંગરસિંહ'.

## પારણિયે ઝૂલે ધર્મના અવતાર

ક્યારેક માતા શ્રી હીરબાઈ કામમાં હોય ને ઘોડિયાને હીંચકાવતા ભૂલી જતાં. પરંતુ તેમના આશ્ચર્ય વચ્ચે ઘોડિયું તો હીંચકતું જ હતું. બાળ કિલકિલાટ કરતું હતું ને માતા હીરબાઈનું પ્રસન્ન હૃદય હાલરડું ગાવા માંડતું.

**ધન્ય મારા લાલ ને ધન્ય અવસર આજ**
**પ્રભુજી તારા પારણાં ઝુલાવે.**
**લલાટે તારા લેખ વિધાતાએ લખ્યા,**
**તુંજથી હૃદય પ્રસન્ન**
**પ્રભુજી તારા પારણાં ઝુલાવે.**
**તું તો કુળતારક, તું ધર્મનો અવતાર**
**પ્રભુજી તારા પારણાં ઝુલાવે.**
**તું તો કુળતારક, તું ધર્મનો અવતાર**
**પ્રભુજી તારા પારણાં ઝુલાવે....**

બાળ ડુંગરસિંહ માતાના વહાલ અને પિતાના વાત્સલ્યભાવમાં રમણ કરતાં મોટા થવા લાગ્યા.

પિતાની આંગળી પકડીને, નાની-નાની પગલીઓ પાડતા બાળ




રત્નકુક્ષિણી માતા હીરબાઈએ લીલાછમ ડુંગરો અને ડોલતા સિંહરાજને સ્વપ્નમાં નિહાળ્યાં
અને સ્વપ્ન પછી જન્મેલા બાળકનું ડુંગરસિંહ નામકરણ થયું. ધન્ય માતા ! ધન્ય પુત્ર !



ડુંગરસિંહ જ્યારે ધર્મસ્થાનકમાં જતાં ત્યારે, જે પાકટ વયના પુરુષના મોં પર ગંભીરતા જોવા ન મળે એવી ગંભીરતા એમના મુખ પર જોવા મળતી અને તેઓ એક ચિત્તે વ્યાખ્યાન સાંભળતા. માતા હીરબાઈ આ બાળકની આંખોમાં આંજણ સાથે ધર્મ પણ આંજતી હતી.

## સંસ્કારની સૌરભ

ડુંગરસિંહ છ વર્ષના થયા એટલે માતા-પિતાએ એના ભણતરની ચિંતા કરવા માંડી. વિદ્યા વિનય વિના તો કેમ સંભવે ! - ડુંગરસિંહને માતા-પિતાએ સરસ્વતી મંદિરમાં મૂક્યા... બાળવયથી જ ડુંગરસિંહમાં તીવ્ર સ્મરણશક્તિ હતી ! ડુંગરસિંહની તીવ્ર સ્મરણશક્તિ અને બુદ્ધિપ્રતિભાના શીતળ કિરણોથી સર્વ પ્રભાવિત થતાં. ગુરુઓ પ્રત્યેનો સદ્‌ભાવ એ એમનો પ્રથમ ગુણ હતો. વિચક્ષણ બુદ્ધિપ્રતિભા અને જ્ઞાન મેળવવાની તીવ્રાભિલાષાથી બાળ ડુંગરસિંહ પ્રત્યેક ધોરણમાં પ્રથમ નંબરે ઉતીર્ણ થતાં.

જ્ઞાન પ્રાપ્તિ પછી ડુંગરસિંહભાઇએ વ્યવહારિક શિક્ષામાં પણ અદભૂત સિદ્ધિ પ્રાપ્ત કરી. વ્યવહારિક જ્ઞાન ઘરમાં માતા પાસેથી પ્રાપ્ત થયું તો વ્યવસાયિક જ્ઞાન પિતા પાસેથી મળ્યું. નાની ઉંમરમાં જ તેઓ પિતા સાથે દુકાને જતાં, વ્યવસાયમાં પિતાને મદદરૂપ બનવા માંડ્યા ...

## અનુકંપાવાન કુમાર ડુંગરસિંહ

બાળવયથી જ બાળ ડુંગરસિંહના હૃદયમાં અન્ય પ્રત્યે કોમળ ભાવના રહેતી. એની સાથેના છાત્રોમાં, કોઈ અલ્પબુદ્ધિ બાળ ભણવામાં નબળાં હોય તો તેમને અધ્યયનમાં મદદરૂપ થઈને, એ ઉતીર્ણ કેવી રીતે થાય એની ખેવના કરતા. આથી વિશેષ જેઓ સ્થિતિએ નબળા બાળકો હોય તેમને જે જ્ઞાન - સાધનોની અગવડ હોય તો એને એ આપતાં... આ બાળક સામાન્ય બાળકોથી કંઈક અલગ છે તેવી ઊંડી છાપ પડ્યા વિના રહેતી ન હતી. એ સામાન્ય નહી પણ અસામાન્ય હતા.

**બાળવયમાં અન્ય પ્રત્યેની સહાનુભૂતિ તેમના એકાવતારી બનવાના પગરણ મંડાવી ગઈ.**

## વૈરાગ્ય બીજારોપણ

શ્રી હીરબાઈને ચાર પુત્રી અને બે પુત્ર એમ છ સંતાનો હતાં. સૌથી મોટા વેલબાઇ, ત્યાર પછી ડુંગરસિંહ, નાનો પુત્ર સંઘજી અને ત્યારબાદ ત્રણ પુત્રીઓ એમ હર્યોભર્યો સંતોષી પરિવાર હતો. સંતાનો મોટા થવા લાગ્યા, માતા - પિતાની ફરજ પ્રમાણે શ્રી કમળસિંહભાઈએ દીર્ઘદ્રષ્ટિથી પૂર્વાપરનો વિચાર કરીને ચારે પુત્રીઓને સંસ્કારી કુટુંબમાં પરણાવી દીધી. શ્રી ડુંગરસિંહભાઈનાં મોટાં બહેન શ્રી વેલબાઈ દીવ બંદર સાસરે હતાં. બિમારીથી તેમના પતિ શ્રી રતનશીભાઈનું મૃત્યુ થયું અને શ્રી વેલબાઈ તથા તેમનાં બે સંતાનો શ્રી હીરાચંદભાઈ તથા શ્રી માનકુંવરબેન નોધારાં થઈ ગયાં. શ્રી કમળસિંહભાઈના કુટુંબ પર વજ્રાઘાત થયો. **શ્રી ડુંગરસિંહભાઈ આ ઘટનાને મૌનભાવે, સ્થિર ચિત્તે વિચારી રહ્યાં હતા: આ સર્વ લીલા શું છે ? જન્મ-મરણનું કારણ શું છે ? તેના રહસ્યોને શોધી રહ્યા હતા. દરેક સંયોગનો અંત વિયોગ હોય છે. ગહનત્તમ ચિંતન દ્વારા તેમને સંસારની તમામ સંબંધોની અનિત્યતા અને અશરણભૂતતા અનુભવમાં આવી અને તેમના અંતરમાં અનિત્યતા અને સંસાર પ્રતિ વૈરાગ્યભાવના બીજ રોપાયા.**

મહાપુરુષોના જીવનમાં એવા નિમિત્તોનું સહજ સર્જન થાય છે જેનાથી તેમની નિયતિ મોક્ષની નિયતિ બની જાય છે.

આ તરફ આશ્રયવિહોણી દીકરીને શ્રી કમળસિંહભાઈએ હૂંફ આપી અને તેઓ કુટુંબ સહિત દીવ બંદર રહેવા ચાલ્યા ગયા. આમ મૂળ મેંદરડાના વતની માંગરોળમાં રહીને છેવટે દીવ બંદરમાં સ્થિર થયા.

## ધર્મ પરાયણ શ્રી દીવ સંઘ

દીવ બંદરના શ્રાવક સંઘનું બંધારણ બહુ જ વ્યવસ્થિત હતું. શ્રીસંઘનું પ્રત્યેક કામ વ્યવસ્થાપૂર્વક તથા સલાહ-સંપથી કરવામાં આવતું હતું. સાગરતટે રહેવાથી તેમની નીતિની મર્યાદા પણ સાગર મર્યાદા જેવી જ હતી. આધ્યાત્મિક, સામાજિક તથા રાષ્ટ્રીય પ્રવૃત્તિનો ત્રિવેણી સંગમ ત્યાં થયો હતો. જેમ ત્યાંનો શ્રાવકસંઘ વ્યવહાર કાર્યમાં દક્ષ હતો તેવો જ ધર્મ પરાયણ પણ હતો. સાધુ જીવનના વિરલ દર્શન તેમના જીવનમાં અપૂર્વ આનંદ અને અનેરો ઉત્સાહ પ્રગટ કરતાં હતાં.

જ્યારે દીવના શ્રાવક-શ્રાવિકાઓને ખબર પડી કે મુનિરત્ન શ્રી રત્નસિંહજી મહારાજ આદિ ઠાણા ચાર ગ્રામાનુગ્રામ વિહાર કરતા ઘોઘલા પધાર્યા છે, ત્યારે ગામના થોડાક આગેવાન શ્રાવક-શ્રાવિકાઓનું જુથ મુનિશ્રીના દર્શને ઘોઘલા આવ્યું. તેઓએ મુનિશ્રીને સવિધિ વંદન કરી ધર્મોપદેશ સાંભળવાની જિજ્ઞાસા બતાવી. અદ્ભુત ધર્મવાણીનાં શ્રવણ કર્યા બાદ દીવના શ્રાવકોના પ્રતિનિધિ વૃંદે મહારાજશ્રીને ચાતુર્માસ કરવાની વિનંતી કરી. દીવવાસીઓના સદ્ભાગ્યે શ્રીસંઘની ધર્મ પ્રત્યેની ભાવના અને આગ્રહભરી વિનંતીને ગુરુદેવશ્રીએ માન્ય રાખી.

## દીવ બંદરમાં સંતોનું ચાતુર્માસ

ત્યારપછી ઘોઘલાથી વિહાર કરી, ગામોગામ વિચરણ કરતાં પૂજ્ય શ્રી રત્નસિંહજી મહારાજ સાહેબ આદિ સંતોની દીવ બંદરમાં ચાતુર્માસ અર્થે પધરામણી થઈ. તેની પ્રસન્નતામાં તે દિવસે દીવનો બંદર કાંઠો ઘૂંઘવી રહ્યો હતો, એક તરફ સાગરના ઘેરા ગર્જનથી અને બીજી તરફ માનવસમૂહના હર્ષોલ્લાસ તથા જય ધ્વનિથી !

પૂજ્ય ગુરુદેવનો સત્કાર કરવા ઘણી માનવ મેદની ભેગી થઈ હતી. નારીઓનાં વૃંદ મધુર સંગીત દ્વારા પૂજ્ય ગુરુદેવને સત્કારી રહ્યા હતા. સૌએ પૂજ્ય ગુરુદેવને સવિધિ વંદન નમસ્કાર કરી, સુખશાતા પૂછી અને પછી ઘણા જ ભક્તિ ભાવપૂર્વક પૂજ્ય ગુરુદેવ તથા બીજા સંતોનો નગરમાં પ્રવેશ કરાવ્યો.

પૂજ્ય શ્રી રત્નસિંહજી સ્વામીનું પ્રશસ્ત અને તેજસ્વી લલાટ, સૌમ્ય મુખમુદ્રા અને શાંત મુખ મંડલ ધર્મ સાધનાનું મૂર્તિમાન સ્વરૂપ બતાવી રહ્યું હતું, તેમનું કૃશ શરીર તપશ્ચર્યાની સાક્ષી આપી રહ્યું હતું. તેમના અંતઃકરણમાં શાંતિનો જે પ્રબળ પ્રવાહ વહી રહ્યો હતો, તે નેત્રો દ્વારા અમીરસ વરસાવતો હતો.

જેમ-જેમ ચાતુર્માસના દિવસો વ્યતીત થવા લાગ્યા, તેમ-તેમ પૂજ્ય ગુરુદેવની પ્રતિભાનો પ્રકાશ ચારે તરફ ફેલાવા લાગ્યો. પૂજ્ય ગુરુદેવના જ્ઞાનોપદેશથી અજ્ઞાન અંધકાર દૂર થવા લાગ્યો અને જ્ઞાન પ્રકાશ ફેલાવા લાગ્યો. પૂજ્ય ગુરુદેવની વ્યાખ્યાન વાણીનો લાભ લેવા માટે લોકોની મેદની જામવા લાગી.

> **યુવાન આત્મા શ્રી ડુંગરસિંહભાઈ ગુરુદેવને નમન કરીને પૂછે છે, ''હે ભંતે ! તમે મોક્ષની વાત કરો છો, ક્યાં મળે છે મોક્ષ ?''**
>
> **બેટા મોક્ષ ક્યાંયથી નથી મળતો, મોક્ષ આપણામાંથી જ મળે છે.**

જેના હૃદયમાં નિર્મળ વિચારોનો પ્રવાહ વહે છે તેવા શ્રી ડુંગરસિંહભાઈ પિતા શ્રી કમળસિંહભાઈની સાથે રત્નમણિસમ પૂજ્ય શ્રી રત્નસિંહજી મહારાજ સાહેબની વાણીનું પાન કરવા ધર્મસ્થાનકમાં આવે છે. **જે મન નિર્મળ છે, એ જ ધર્મવાણીનો સ્પર્શ અનુભવે છે અને વાણી-ધર્મોપદેશ ગ્રહણ કરી, આચારમાં મૂકે છે તે ભગવાન વીતરાગના માર્ગ પ્રતિ ગમન કરતો અને મહાજીવ છે.**

પૂજ્ય ગુરુદેવ શ્રી રત્નસિંહજી મહારાજ સાહેબની વાણી પર મનોમંથન કરતા શ્રી ડુંગરસિંહભાઈના મનમાં એક પ્રશ્ન ઉઠે છે અને માતાને પૂછે છે

મા ! મુનિવરે 'મોક્ષ'ની વાત કરી; ક્યાં મળે છે મોક્ષ ?

શ્રી ડુંગરસિંહભાઈના પ્રશ્નથી પ્રથમભાવે તો માતા પ્રસન્ન-પ્રસન્ન થઈ ગયા. એના હૃદયમાં પુત્રનો પ્રશ્ન ઘોળાતો જાય છે પછી કહે છે : ''બેટા, આ પ્રશ્ન કાલે ધર્મસ્થાનકમાં મુનિશ્રીને પૂછજે ને ! તને ત્યાંથી સાચો ઉત્તર પ્રાપ્ત થશે !''

બીજે દિવસે પૂજ્યશ્રી રત્નસિંહજી મહારાજ સાહેબને યુવાન આત્મા શ્રી ડુંગરસિંહભાઈ નમન કરીને પૂછે છે, ''હે ભંતે ! તમે મોક્ષની વાત કરો છો, ક્યાં મળે છે મોક્ષ ?''

બેટા મોક્ષ ક્યાંયથી નથી મળતો, મોક્ષ આપણામાંથી જ મળે છે. પૂજ્ય મુનિરત્ન યુવાન શ્રી ડુંગરસિંહભાઈના પ્રશ્નનું નિરાકરણ થાય એ માટે વિસ્તારપૂર્વક સમજાવે છે ને યુવાન શ્રી ડુંગરસિંહભાઈના ચહેરા પર પ્રસન્નતા છવાઈ જાય છે. પણ શ્રી ડુંગરસિંહભાઈના હૃદયમાંથી જન્મેલ આ પ્રશ્નથી, એની ગહનતામાંથી, એના વિચારોમાંથી મુનિશ્રીએ એનું



ભાવનિરૂપણ કર્યુ કે, ધર્મઉપવનમાં એક ફૂલ ખીલવાનું છે, જેના સંસ્કારની સુવાસ ચારે દિશાઓમાં પ્રસરવાની છે.

ગુરુદેવનો ધર્મલાભ પ્રાપ્ત કરી ડુંગરસિંહભાઈ જીવનની સાચી દિશા પ્રતિ જઈ રહ્યા હતા. તેમની ધીરગંભીર મુખમુદ્રા પર જ્ઞાનનો પ્રકાશ પથરાવા લાગ્યો હતો.

તેઓ માનવમાંથી મહામાનવ બનવાની પ્રેરણા પ્રાપ્ત કરી રહ્યા હતા.

## જલ તરંગે વિચાર તરંગ

યુવાન ડુંગરસિંહનું હૃદય વૈરાગ્ય રંગથી તો રંગાયેલું જ હતું. તેમાં શ્રી રત્નસિંહજી મહારાજની અમૃતવાણી વારંવાર સાંભળવાથી તેમનો વૈરાગ્ય વિશેષ પ્રજ્વલિત થયો. તેમનું આધ્યાત્મિક ચિંતન વધતું ગયું. જ્યાં દ્રષ્ટિ કરે ત્યાં આત્મબોધ પામે. આવા ચિંતનમાં ડૂબેલા ડુંગરસિંહભાઈને એક દિવસ ઘરે પહોંચતા મોડું થતાં ચિંતિત માતા પૂછે છે :

બેટા ! આજે ઘરે પાછા આવતા ઘણો જ વિલંબ થઇ ગયો ?

માતાના સરલ અને સ્નેહપૂર્ણ હૃદયમાંથી નીકળેલાં આ વચનો સાંભળી શ્રી ડુંગરસિંહભાઈ હર્ષિત થયા. તેમણે ખૂબ જ નમ્રતા તથા વિનયપૂર્વક જવાબ આપ્યો કે 'માતા ! હું બધા લોકોની સાથે વ્યાખ્યાનમાંથી ઊઠી જલ્દી આવી ગયો હોત, પરંતુ આજે દરિયા કિનારે ફરવા ગયો હતો. ત્યાં જલ તરંગ જોતાં હું પણ વિચાર તરંગોમાં તણાયો અને કેટલો સમય પસાર થઈ ગયો તેની મને ખબર ન રહી. આ કારણે જ આજે ઘેર આવતાં વિલંબ થઈ ગયો.'

માતાજી જાણે પરીક્ષા કરતાં હોય તેમ કહેવા લાગ્યા કે: 'બેટા ! એવા તે શા વિચાર-વમળમાં અટવાઈ ગયો ? તારે આટલી ઉંમરે એવી શી વિચાર - ચિંતા કરવાની હોય !'

શ્રી ડુંગરસિંહભાઈએ ઉત્તર આપ્યો કે: **'મા ! આ સંસાર સાગરના તોફાનમાં જાણે મારી જીવન નૌકા ડગમગી રહી હોય એમ મને લાગ્યું. સાગરના ભયંકર તોફાનમાંથી મારી જીવન નૌકા કેવી રીતે પાર ઉતરશે, એની મને ચિંતા થવા લાગી. આખરે એક કર્ણધાર મારી સહાયે આવ્યા છે અને તે મારી જીવન નૌકાને સાગર પાર ઉતારી આપશે એમ લાગ્યું.'**

શ્રી ડુંગરસિંહભાઈએ પોતાનો હૃદયગત વિચાર જણાવતાં સ્પષ્ટ કહ્યું કે : 'મા ! મેં એ વિચાર સાગરમાં ડૂબકી મારી એક રત્ન પણ મેળવ્યું છે. એ અણમોલ રત્ન મારા ભવની બધી ભૂખ ભાંગી નાખશે એવો મને વિશ્વાસ છે.'

શ્રી ડુંગરસિંહભાઈનો દ્રઢ સંકલ્પ સાંભળી માતા-પિતા અવાક્ તથા શૂન્યમનસ્ક બની ગયાં.

શ્રી ડુંગરસિંહભાઈ સંસાર સ્વરૂપને બરાબર સમજી ગયા હતા. તેમને સંસાર ખારો ઝેર જેવો જણાતો હતો, પરંતુ માતા-પિતાના આગ્રહને વશ થઈ સંસારમાં થોડો વખત રહેવું પડ્યું, **'પણ જેને એકવાર વૈરાગ્યનો રંગ ચડી જાય છે, તેને ક્યારેય સંસારનો રંગ ચડતો નથી.'**

શ્રી ડુંગરસિંહભાઈ સંસારમાં જેટલો સમય રહ્યાં તેટલો સમય તેમણે શાસ્ત્ર, સ્વાધ્યાય તથા સંયમની સાધના કરવામાં જ ગાળ્યો.

## મારે લેવો સંયમ

પૂજ્ય શ્રી રત્નસિંહજી મહારાજ સાહેબના શુભ ચાતુર્માસનો સમય હજુ તો ઘણો જ બાકી હતો. નિત્ય પ્રતિ નવું જ્ઞાન અને ઉપદેશ શ્રવણનો લાભ શ્રી ડુંગરસિંહભાઈને તથા શ્રી કમળશીભાઈના સકલ પરિવારને મળતો જાય છે. અન્યદા એક સમયે ધર્મસ્થાનેથી ઘેર આવીને શ્રી ડુંગરસિંહભાઈ પોતાના માતા-પિતા અને પરિવારજન સમક્ષ હર્ષોલ્લાસપૂર્વક પૂજ્ય ગુરુદેવના ગુણોની તથા તેમની અપૂર્વ વાણીની પ્રશંસા કરવા લાગ્યા.

શ્રી ડુંગરસિંહભાઈએ કહ્યું કે 'હે માતા-પિતા ! આ જીવાત્મા માનવ અવતાર, આર્યક્ષેત્ર અને અનુકૂળ ધર્મ - સામગ્રી આદિ મેળવીને જ્યાં સુધી સત્ ચારિત્રનો સ્વીકાર કરતો નથી ત્યાં સુધી માનવજીવનની સફળતા પ્રાપ્ત થઈ શકતી નથી. પાપ કર્મોનો નિરોધ થઈ શકતો નથી અને સંવર તથા નિર્જરા પણ થઈ શકતાં નથી. સંયમની સાધના વગર આત્મકલ્યાણ થવું મને મુશ્કેલ જણાય છે. તેટલા માટે આ **સંસારનો ત્યાગ કરી, જગતની મોહ-માયાને છોડી ત્યાગરૂપ ચારિત્ર અંગીકાર કરવાની મારી ઉત્કૃષ્ટ ભાવના છે. માટે આપ સહર્ષ મને કલ્યાણના માર્ગે જવાની આજ્ઞા તથા અનુમતિ આપો.'**

## માતા-પિતાની મળી સંયમ અનુમતિ

શ્રી ડુંગરસિંહભાઈનું આ કથન સાંભળીને માતા-પિતા ઘણા જ આશ્ચર્યચકિત થઈ કહેવા લાગ્યા કે, 'હે પુત્ર ! અમે તો તારી પાસેથી અનેક આશાઓ રાખીને બેઠા છીએ. તું તો અમારા જીવનનો આધાર છે. અમારી ઉત્તર અવસ્થામાં તું આ નાના ભાઈ-બહેનોનું પાલન પોષણ કરશે એવી અમને ખાતરી હતી પણ આજે તું આ શું બોલે છે ?'

શ્રી ડુંગરસિંહભાઈએ વિનયભાવે કહ્યું કે 'પૂજ્ય માતા-પિતાજી ! પૌદ્‌ગલિક જીવનમાં ખરો આધાર પુણ્યનો અને આધ્યાત્મિક જીવનમાં ધર્મનો હોય છે. વળી સંસારમાં લોકો જેને આધારરૂપ માને છે તેવા પુત્રો અચાનક મૃત્યુના મુખમાં સપડાઈ જાય છે, ત્યારે માતા-પિતા તથા કુટુંબીજનો શું કરે છે ? વળી જેમને સંતાનો જ ન હોય તેમને કોનો આધાર હોય છે ? આ વિષે પણ વિચાર કરશો તો તમને જણાશે કે દુનિયામાં સાચો આધાર ધર્મનો જ છે. બાકી બીજા આધારો તો રેતી ઉપર ચણેલા મકાન જેવાં અસ્થિર તેમજ અસ્થાયી હોય છે. એટલા માટે સંસારની મોહ-માયામાં દગ્ધ ન બનતાં, પોતાના સંતાનોનું જીવન કલ્યાણમય થાય એવા ઉપાયો યોજવા એ જ માતા-પિતાનું ખરું કર્તવ્ય છે. પોતાના સંતાનો સુયોગ્ય બને, કલ્યાણના માર્ગ તરફ પ્રયાણ કરે એ માટે તેમનામાં ત્યાગ, વૈરાગ્ય પ્રત્યે રુચિ પેદા કરવી, તેમના જીવનમાં ધર્મબુદ્ધિના અંકુર ફૂટે, એવા પ્રયત્નો કરવાં જ માતા-પિતાની કર્તવ્ય ભાવના હોવી જોઈએ.'

પુત્રની આ સત્ય વાત સાંભળી માતા-પિતા વિચારમાં પડ્યાં કે જ્યારે પુત્ર જગતની વિચિત્ર માયાના મોહને તિલાંજલિ આપવા ઈચ્છા ધરાવે છે, તો તેને આપણે મોહમાયામાં શા માટે ફસાવવો જોઈએ ? આપણે ઘેર આવો સુપુત્ર પુણ્યયોગે પ્રાપ્ત થયો છે એ ખરેખર આપણા સદ્‌ભાગ્યની વાત છે. તે જે માર્ગે જવા ચાહે છે તે માર્ગ આત્મકલ્યાણનો છે.

આમ વિચારી માતા-પિતાએ શ્રી ડુંગરસિંહભાઈને સંયમપંથે જવાની સહર્ષ અનુમતિ આપી.

## પાંચ આત્મા પરમની પગથારે

'ભાવના તેવી સિદ્ધિ' એ લોકોક્તિ અનુસાર શ્રી ડુંગરસિંહભાઈના

> **"સંસારમાં લોકો જેને આધારરૂપ માને છે તેવા પુત્રો અચાનક મૃત્યુના મુખમાં સપડાઈ જાય છે, ત્યારે માતા-પિતા તથા કુટુંબીજનો શું કરે છે ? વળી જેમને સંતાનો જ ન હોય તેમને કોનો આધાર હોય છે ? આ વિષે પણ વિચાર કરશો તો તમને જણાશે કે દુનિયામાં સાચો આધાર ધર્મનો જ છે."**

હૃદયમાં વસેલી પ્રબળ વૈરાગ્ય ભાવનાનું પ્રતિબિંબ આખા કુટુંબ ઉપર પડવા લાગ્યું. સદ્‌ભાવનાનું વાતાવરણ આખા ઘરમાં ફેલાઈ ગયું, પ્રતિદિન ઘરમાં વૈરાગ્યની વાતો થતાં તથા વૈરાગ્યનું જ વાતાવરણ ઘરમાં પ્રસરતા, તેમના ઉત્કૃષ્ટ વૈરાગ્યના પરમાણુથી ભાવિત થઈ માતા હીરબાઈ, બહેન વેલબાઇ, અને તેમના બે સંતાનો પણ આત્મકલ્યાણના માર્ગે જવા તૈયાર થાય છે. પિતા કમળશીભાઈ પણ તેઓના આ શુભ સંકલ્પમા સહર્ષ સંમતિ પ્રદાન કરે છે.

સકળ પરિવાર ધર્મસ્થાને બિરાજમાન પૂજ્ય શ્રી રત્નસિંહજી મહારાજ સાહેબ પાસે આવી તેમના ભાવો પ્રગટ કરતાં, રત્નસિંહજી મહારાજ સાહેબ પાંચ આત્માઓને તેમના શુભ સંકલ્પમાં સંમતિ પ્રદાન કરવા માટે કમળશીભાઈની ખૂબ અનુમોદના કરે છે. પછી પૂજ્ય ગુરુદેવ પ્રતિદિન આ પાંચે દીક્ષાર્થી આત્માઓને સાધુવૃત્તિની કેળવણીની બરાબર શિક્ષા આપવા લાગ્યા. ચાતુર્માસ પૂર્ણ થતા પાંચે દીક્ષાર્થીઓને શુદ્ધ વૈરાગ્ય ભાવનાથી ભાવિત થયેલા જાણી પૂજ્ય ગુરુદેવે તેમને દીક્ષા આપવાની અનુમતિ આપતા શ્રીસંઘમાં અપૂર્વ આનંદ પ્રસરી ગયો. આ પાંચે આત્માઓની દીક્ષાનો શુભ દિવસ વિક્રમ સં. 1815ના કારતક વદ 10ના શુભ વારે નક્કી થયો.

## સંયમના પંથે પ્રયાણ

પૂજ્ય પિતાની તથા શ્રીસંઘ સમસ્તની લેખિત આજ્ઞા મળી ગયી હતી, માટે હવે સંસાર - નિષ્ક્રમણમાં વિલંબનું કશું કારણ હતું નહિ. 'શુભસ્ય શીઘ્રમ્' ની કહેવત મુજબ વહેલાસર દીક્ષાની તૈયારીઓ તડામાર શરૂ થઈ. એ પુણ્ય



ઘડી નજીક આવતી જતી હતી. આ શુભ સમાચાર વિજળી વેગે ગામ-પરગામ પહોંચી વળ્યા. આખો સાગરકાંઠો (કાંઠાળ પ્રદેશ) જય-જયકારના નાદથી અને આનંદ ઉત્સાહના નાદથી ગાજી ઉઠ્યો હતો.

## પૂર્ણ થઈ પ્રતિક્ષા

સમય અને ભરતી કોઈની રાહ જોતા નથી, દિવસો ઉપર દિવસો વ્યતીત થવા લાગ્યા ને કાર્તિક કૃષ્ણા દશમીનું પુણ્ય પ્રભાત ઊગ્યું. તે પવિત્ર દિવસ દીવનગર માટે મહાપર્વ બની ગયો હતો. દીવનગરના શ્રીસંઘે દીક્ષોત્સવ સાનંદોલ્લાસ ઉજવવા માટે ખૂબ તૈયારીઓ કરી રાખી હતી. ગામ-પરગામમમાં દીક્ષોત્સવમાં ભાગ લેવા માટે શ્રીસંઘો ઉપર આમંત્રણ પત્રિકાઓ મોકલવામાં આવી હતી. આ પ્રસંગે આસપાસના ગામોથી દૂર-દૂરના નગરોમાંથી અને પ્રાંતોમાંથી દીક્ષોત્સવમાં ભાગ લેવા માટે માનવ મેદની ત્યાં ઉમટી પડી હતી. મંગલ પ્રભાતમાં શ્રાવિકાઓ ધાર્મિક મંગલગીતો ગાતા ગુરુદર્શને આવતા હતા. શ્રાવકસંઘ આજે અપૂર્વ આનંદમાં હતો. દીક્ષા સ્થાન તરીકે દીવનગરની બહાર આવેલ સુંદર ઉદ્યાન નિશ્ચિત કરવામાં આવ્યું હતું. મંગલમુહૂર્તે ભવ્ય દીક્ષાર્થીઓને મોટા વાજિંત્રોના સૂર સાથે જ્યારે નગર મધ્યેથી લઈ જવામાં આવતા હતાં ત્યારે તે વખતનું દેવદુર્લભ દ્રશ્ય ખરેખર અલૌકિક હતું. દીક્ષાર્થીઓના મુખમંડળ ઉપર તરવરતો વૈરાગ્ય રંગ દર્શનાર્થીઓના હૃદયને પણ રંગી રહ્યો હતો.

સંસારના અસાર પ્રદેશમાંથી મહાભિનિષ્ક્રમણ કરીને જતા દીક્ષાર્થીઓની ભવ્ય શોભાયાત્રા દીવનગરીની રળિયામણી બજારમાંથી પસાર થઈ રહી હતી ત્યારે, ગોખેથી, અગાસીઓમાંથી, ડેલીઓમાંથી અને બારીઓમાંથી માનવચક્ષુઓ આ આલ્લાદક પ્રસંગને નીરખી રહ્યા હતા. દુકાને-દુકાનના ઓટલાઓમાં ને બજારમાં માનવ-મહેરામણ ઉમટ્યો હતો !

દીક્ષાર્થીઓ ઉપર આશીર્વાદના પુષ્પોનો, અબીલ-ગુલાલના ભાવોનો, વરસાદ થતો હતો. શોભાયાત્રા આગળ ઢોલના નાદ અને શરણાઈઓના સુરોનો સ્વર જાણે પવનની દિશાઓમાં રેલાઈને કર્ણમધુરતામાં વધારો કરતા હતા.

પૂજ્ય ગુરુદેવ શ્રી રત્નસિંહજી મહારાજ પણ ઉત્સવને શોભાવવા પધારી ચૂક્યા હતા અને આસનબદ્ધ થયા હતા. દીવ બંદરના આ ઉપવનમાં ભાવ, ભક્તિ, ત્યાગ અને સમર્પણનું જાણે શુભ ચોઘડિયું જ ચાલી રહ્યું હતું.

શ્રી ડુંગરસિંહભાઈ આદિ દીક્ષાર્થીઓના મુખમંડળ પર ધર્મપ્રભાના જાણે સાથિયા પૂરાઈ ગયા હતા. આંખોમાં ધર્મ- ચેતન પ્રગટી ગયું હતું.

## દીક્ષાના દાન આપો ગુરુવર

મંગલમુહૂર્તની પ્રતીક્ષાની અવધિ પૂર્ણ થઈ. સર્વ દીક્ષાર્થીઓ ગુરુદેવના ચરણ સમીપ આવી ગયા હતા.

સર્વએ વિધિપૂર્વક વંદના કરી. સર્વ દીક્ષાર્થીઓ વતી મહાપંથના પ્રવાસી, શ્રી ડુંગરસિંહભાઈ હાથ જોડી, પૂજ્ય ગુરુદેવ સમક્ષ નતમસ્તકે બોલ્યા.

પૂજ્ય ગુરુદેવ ! **આ અસાર સંસારના ભાવને ત્યજી, ધર્મના મહાપંથમાં, ધર્મભાવમાં અને ધર્મના સર્વ શાશ્વત સુખને પામવા અમે આપના ચરણોમાં સર્વસ્વ અર્પણ કરવા આવ્યાં છીએ. આપ પથદર્શક બની અમને ધર્મમાર્ગ ચીંધો. ભવતારિણી એવી ભાગવતી દીક્ષા આપી અમારા આત્માનું કલ્યાણ કરો !'**

આટલી વિનંતી કરી ગુરુઆજ્ઞા પ્રાપ્ત થતાં, પાંચેય દીક્ષાર્થીઓએ ઈશાન દિશામાં જઈ, પરિધાન કરેલા વસ્ત્રો અને અલંકારોનો ત્યાગ કર્યો. મસ્તકના થોડા કેશ રાખી, બાકીના કેશોનું વપન કરાવ્યું અને શ્વેતરંગી સાધુવેશ ગ્રહણ કર્યો.

સંસારના અસારભાવ ત્યજી, વસ્ત્ર-અલંકારો ત્યજી, જીવને સર્વાંશ નિર્મળ કરીને, પાંચેય દીક્ષાર્થીઓ પૂજ્ય ગુરુદેવ સમક્ષ ઉપસ્થિત થયાં ને બોલ્યાં :

પૂજ્ય ગુરુદેવ ! અમને દીક્ષા આપી કૃતાર્થ કરો ! અમને તારો ! અમને મુક્તિનો પંથ બતાવો.'

દીક્ષાર્થીઓની વિનંતીનો સ્વીકાર કરી પૂજ્ય ગુરુદેવે ચર્તુવિધ સંઘની ઉપસ્થિતિમાં, શ્રી કમળશીભાઈની પુનઃ અનુમતિ લીધી. મધ્યાહ્નના શુભ મુહૂર્તે, ઉત્તર ફાલ્ગુની નક્ષત્રના શુભ યોગે, પાંચેય દીક્ષાર્થીઓને ઈશાન ખૂણા તરફ ઊભાં રાખી, માંગલિક વચન સંભળાવ્યું-સામાયિક સૂત્રનો દીક્ષામંત્ર સંભળાવ્યો.

દીક્ષામંત્ર આપી, પૂજ્ય ગુરુદેવે સાધુ જીવનના પ્રતીકરૂપ 'રજોહરણ'




પૂજ્ય ગુરુદેવ શ્રી રત્નસિંહજી મહારાજ સાહેબનું દીવ બંદરમાં પર્દાપણ અને કુમાર ડુંગરસિંહને વૈરાગ્યભાવનું પ્રગટીકરણ થયું. મુમુક્ષુ ડુંગરસિંહની સાથે માતા હીરબાઈ, બેન વેલબાઈ તથા ભાણેજ હીરાચંદભાઈ અને માનકુંવરબેન, એક પરિવારના પાંચ પુણ્યાત્મા સંયમ પથગામી બન્યા. ધન્ય તે પરિવાર... જન્મોજન્મની અધૂરી સાધનાના સહાયક...!



સર્વને આપ્યા. પૂજ્ય ગુરુદેવે ધર્મબોધ આપતા કહ્યું :

'નવદીક્ષિતો ! જૈન ધર્મની દીક્ષા એ અસામાન્ય ઘટના છે. જીવને શિવ બનાવવાની પ્રક્રિયા છે. જીવનની અંતિમ ક્ષણ સુધી પાળવાની આ સંયમસાધના છે. જેટલો આ વિકટ માર્ગ છે તેટલી જ આત્મજ્યોતિ પ્રાપ્ત કરવાની આ ઘડી છે. તમે ધર્મ પાળી, આત્મસિદ્ધિ પ્રાપ્ત કરી, સંયમના નિરતિચાર પાલનમાં સતત પ્રયત્નશીલ રહી, તમારા ધર્મધ્યેયના લક્ષ્ય સુધી પહોંચજો અને આત્મકલ્યાણ કરજો.'

પૂજ્ય ગુરુદેવના સમયોચિત ધર્મબોધનો નવદીક્ષિતોએ મસ્તક નમાવી આદરપૂર્વક સ્વીકાર કર્યો. અને વંદના કરીને દ્રઢ સંકલ્પ પણ કર્યો. સર્વ બોલ્યા: 'પૂજ્ય ગુરુદેવ ! તમારો ધર્મબોધ એ અમારાં માટે કલ્યાણવચનો છે. અમે તમે પ્રરૂપેલા બોધને આચરીશું. અમારી મુક્તિની સાધનાથી આત્મકલ્યાણ અવશ્ય કરીશું.'

ત્યાર પછી પૂજ્ય ગુરુદેવે પાંચેય નવદીક્ષિત ભવ્યાત્માઓના શ્રીસંઘ સમક્ષ નામ-સ્થાપન કર્યા:

બા.બ્ર. પૂજ્ય મુનિશ્રી ડુંગરસિંહજી સ્વામી,

બા.બ્ર. પૂજ્ય મુનિશ્રી હીરાચંદજી સ્વામી,

આર્યાજી પૂજ્ય હીરબાઈ મહાસતીજી,

આર્યાજી પૂજ્ય વેલબાઈ મહાસતીજી અને

બા.બ્ર. પૂજ્ય માનકુંવરબાઈ મહાસતીજી.

આ શુભ નામાભિધાન સાથે આ પાંચેય નવદીક્ષિતોએ અભિનવ સંયમ જીવનનો પ્રારંભ કર્યો.

સર્વનો આ બીજો અવતાર હતો. સંસારના સર્વ ભાવોને ત્યજીને નવા જીવનના, સત્ય શોધ અને ધર્મ આરાધના, મોક્ષ પ્રાપ્તિની ભાવના સાથે આત્મકલ્યાણના પંથનો આ નવો સાધુ અવતાર હતો.

## શાસ્ત્ર સાગરના પારંગત

સંયમી પુરુષોને શરીર પડતાં સુધી રણસંગ્રામમાં મોખરે રહેનારા વીર - પુરુષની ઉપમા અપાય છે. આવો રણધીર મહામુનિ જ પારગામી થઈ શકે છે. સંયમી જીવનની સુવાસથી સુવાસિત થયેલો આત્મા જ સ્વ-પરનું કલ્યાણ સાધી શકે છે. સંયમથી જીવનને ધન્ય બનાવે છે.

સાધુત્વનો સ્વીકાર કરતાં પહેલાં જ સાધુ જીવનનાં આચાર-વિચારો તથા નીતિ-નિયમો તેમજ ક્રિયા-વિધાનોનો પૂજ્ય શ્રી ડુંગરસિંહજી સ્વામીએ સારો અભ્યાસ કર્યો હતો. પાંચે મહાવ્રતધારીઓમાં પૂજ્ય શ્રી ડુંગરસિંહજી સ્વામી તથા પૂજ્ય શ્રી માનકુંવરબાઈ મહાસતીજી વધારે તીક્ષ્ણ બુદ્ધિના હોવાથી તેઓ બંનેએ ઉપરના આચાર-વિચારના અભ્યાસ ઉપરાંત ષડ્દ્રવ્યાદિ તેમજ શાસ્ત્રોના અધ્યયનોનું ટૂંક સમયમાં સારું જ્ઞાન સંપાદન કર્યું હતું, સાધુત્વનો સ્વીકાર કર્યા બાદ પૂજ્ય શ્રી ડુંગરસિંહજીમુનિએ વિદ્યુતગતિએ સૂત્ર-સિધ્ધાંતોના અભ્યાસનો પ્રારંભ કર્યો. પૂજ્ય શ્રી રત્નસિંહજી મહારાજ સાહેબ સમા જ્ઞાની, તારક આત્માની ગુરુકૃપા અને પોતાની સતત જાગૃતિ તેમજ શાસ્ત્રાભ્યાસની પૂરેપૂરી જિજ્ઞાસાને લઈને પૂજ્ય શ્રી ડુંગરસિંહજી સ્વામી વીજળીવેગે અભ્યાસમાં આગળ વધવા લાગ્યાં.

નવા સૂત્રાભ્યાસ સામે જૂના અભ્યાસને વધારે તાજો રાખવામાં સમયનો સદુપયોગ કરવા લાગ્યા. **ન જાણેલું જાણવું, જાણેલાને શોધવું અને શોધેલા તત્ત્વને જીવનમાં ઉતારવું, એ તેમનો જીવનક્રમ બની ગયો હતો.** આ રીતે વાંચન, ચિંતન તથા નિદિધ્યાસન કરવાના પરિણામે એ સમયના સૂત્રાભ્યાસીઓમાં એમની ગણના થવા લાગી. શાસ્ત્રોનાં ગૂઢાર્થ તથા સૂક્ષ્મતાનું તેઓ સરસ રીતે રહસ્યોદ્ઘાટન કરી ઉકેલ કરી શકતા અને કેટલાંક સૂત્રોના મૂળ પાઠ તથા તેનો અર્થ તેમણે કંઠાગ્ર કર્યો હતો.

આ રીતે પૂજ્ય શ્રી ડુંગરસિંહજી સ્વામીએ આટલી નાની ઉંમરમાં વિનય, વિવેક, વિરક્તિ તથા ગુરુકૃપાને લીધે શાસ્ત્રસાગરમાંથી જ્ઞાન, દર્શન તથા ચારિત્ર એ રત્નત્રયની પ્રાપ્તિ કરવાની સાથે શાસ્ત્રમાં પારંગત બન્યા. તેમની સ્મરણશક્તિ દિન-પ્રતિદિન સતેજ બનતી જતી હતી. ''**ज्ञानस्य फलं वीरति**'' એ ઉક્તિ અનુસાર મુનિશ્રી શાસ્ત્રાભ્યાસના ગહન-ચિંતનના પરિણામે શ્રેષ્ઠ સાધક-દશામાં રમણ કરવા લાગ્યા.

## અજેય રણગાહ યોદ્ધો - સાડા પાંચ વર્ષ નિદ્રાત્યાગ

જીવનમાં તપ તથા ત્યાગ મૂર્તિમંત હોવા છતાંય તેમને પોતાનામાં તપ-ત્યાગની ઉણપ લાગવા લાગી. યૌવનાવસ્થામાં હજી કંઈ વધારે તપ-સાધનાની જરૂર હોય તેમ તેમને લાગ્યું. આહાર અને નિદ્રા એ બંને સાધકદશામાં બાધકરૂપ છે તેમ પોતાને લાગતા રાત્રિની નિદ્રાનો ત્યાગ

કરવાનો તેમણે દ્રઢ સંકલ્પ કર્યો અને નિદ્રા ઉપર કાબૂ મેળવવા માટે સ્વાદેન્દ્રિય ઉપર વિજય મેળવવો, ખોરાક ઉપર સંયમ કેળવવો, મિત્તાહારી બનવું આદિ બાબતોમાં તેઓશ્રી ખૂબ જ સતર્ક અને સાવધાન રહેવા લાગ્યા.

પૂજ્ય ગુરુદેવ શ્રી રત્નસિંહજી મહારાજ સાહેબ સામે આ ભાવો તેમણે રજૂ કર્યા અને અનુમતિની યાચના કરતા કહ્યું: 'પૂજ્ય ગુરુદેવ, મેં મારા તપ-સાધના માટે એક દિવસ-રાત્રિ નિદ્રાનો ત્યાગ કરવાનો નિર્ણય કર્યો છે !'

પૂજ્ય ગુરુદેવ શ્રી રત્નસિંહજી મહારાજ સાહેબ તો સમજી જ ગયા હતા કે, ડુંગરસિંહજી મહારાજ આત્મ-સાધનાના વિકટ માર્ગે વિચરે છે એટલે તેમણે પ્રસન્ન ચિત્તે અનુમતિ આપી.

આ સાધુ જીવનની અતિ કઠોરતામાં પણ મુલાયમતાનો અનુભવ એ સાધારણ જીવ માટે શક્ય જ નથી, અસાધારણ  આત્મા જ તલવારની ધારને ફૂલ-પાંખડી જેટલી કોમળ સમજી શકે.

રાત્રિ સમયે, એક અઢી હાથના સામાન્ય પાટલા પર બેસીને તેઓ સાધના કરતાં. એ કાળમાં શિથિલતા આવે કે પ્રમાદ પ્રતિસાદ કરે તો પણ તેઓ સાધનાકાળમાં ચલિત ન થતાં, ઊભા થઈને વિશેષ કઠિનતા સ્વીકારીને એમાંથી સુંવાળપનો અનુભવ કરવા લાગતા. **નિદ્રા પર વિજય મેળવવા ક્યારેક તેઓ વીંધેલા કાનમાં છત સાથે જોડાયેલી દોરી બાંધતા કે એક પગે ઊભા રહેતા, ક્યારેક તેઓ પગ સાથે દોરી બાંધતા. આવી કઠિનતામાં પોતાની નજીક આવતા પ્રમાદને હણીને તેઓ સાધનામાં મગ્ન બની જતાં. આવી રીતે સાડા પાંચ વર્ષ સુધી નિદ્રાનો ત્યાગ કરીને, આંતરતપની સાધનામાં એ વિચરતા રહ્યા.** આવી સહનશક્તિનો પહાડ માથે લઈને ચાલવું એ તો મહાપ્રતાપી જીવ, પૂજ્ય શ્રી ડુંગરસિંહજી મહારાજ સાહેબ જેવો અજેય રણગાહ યોદ્ધો જ આચરી શકે !

## ધર્મ ધ્વજા લહેરાવવી મારી

ત્રેવીસમાં વર્ષની ઊગતી ઉંમરે ભાગવતી દીક્ષા ધારણ કરી, પોતાના પૂજ્ય ગુરુદેવશ્રીની છત્રછાયામાં રહીને થોડા વર્ષના સતત પરિશ્રમે ધર્મશાસ્ત્ર, દર્શનશાસ્ત્ર, તત્ત્વજ્ઞાન તથા બીજા અનેક વિષયોનું જે જ્ઞાન સંપાદન કર્યું હતું તે ગુરુઆજ્ઞા થતાં તેઓએ જગતની સેવામાં સમર્પિત કરી દીધું. ઉપાશ્રયોમાં જ્યારે મુનિવર્ય બોલતા હતા ત્યારે લોકો એમના સચોટ વચનોની સરળતા, એમની ઉદાહરણ આપવાની શક્તિ, એમની ભાષાશુદ્ધિ, એમની ગંભીરવાણી તથા એમનું વાક્ચાતુર્ય એ બધું સાંભળીને આશ્ચર્યચકિત થઈ જતા હતા. એમના અંતરમાં તો ખૂબ પરિભ્રમણ કરી જૈનધર્મની વિજય-ધ્વજા ફરકાવવાની મહેચ્છા જાગી હતી.

સૌરાષ્ટ્રના આંગણે જાણે ધર્મયજ્ઞ મંડાયો હોય તેમ જ્યાં પૂજ્ય શ્રી ડુંગરસિંહજી સ્વામીની પધરામણી થતી ત્યાં ધર્મજિજ્ઞાસુ નર-નારીઓ મોટી સંખ્યામાં એકત્રિત થતા અને તેમની પ્રભાવશાળી, પ્રેરક અને રોચક ધર્મવાણી સાંભળી ધર્મનીતિના માર્ગે વળતા.

## આરાધનામય વિચરણ

ગુરુદેવ પૂજ્ય શ્રી રત્નચંદ્રજી સ્વામીના કાળધર્મ પછી પૂજ્ય શ્રી ડુંગરસિંહજી મહારાજ સાહેબ સમુદાય સહિત જ્ઞાન, દર્શન તથા  ચારિત્ર-એ રત્નત્રયની સમ્યક્ આરાધના કરતા અને સૌરાષ્ટ્રાદિ દેશમાં સુખ-સમાધિપૂર્વક વિચરણ કરી રહ્યા હતા. તેમના જ્ઞાન, શ્રધ્ધા, શાંતિ, ક્ષમા નિર્લોભતા આદિ સદ્ગુણો તથા તેમના આચાર - વિચારોના યશોગાન ચારે તરફ ગવાઇ રહ્યા હતા.

જ્યાં-જ્યાં પૂજ્ય શ્રી ડુંગરસિંહજી સ્વામીનો વિહાર થતો ત્યાં-ત્યાં શાંતિ, સમાધિની જાણે અમૃતધારા વહેતી. માનવસમાજ તેમના સંસર્ગ દરમ્યાન વેર-વિરોધ ભૂલી જતો. આ સંત પુરુષની ઓજસ્વિની અને પ્રભાવશાળી ધર્મવાણી સાંભળ્યા બાદ માનવસમાજ તપ, ત્યાગ, પ્રત્યાખ્યાન કરી આત્મકલ્યાણ સાધતો અને જીવનશુદ્ધિના માર્ગે પ્રયાણ કરતો. ખરેખર ખરા ધર્માત્મા સંતપુરુષોની સંતવાણીનો પ્રભાવ જનસમાજ ઉપર પડયા વગર રહેતો જ નથી.

## અમારી ચિંતા તો ભગવાન કરશે

પૂજ્ય શ્રી ઉગ્રવિહારી હતા એટલું જ નહીં પરંતુ ઘણા જ નિર્ભયી અને આત્મશ્રધ્ધાવાન હતા. તેઓ પોતાના પૂજ્ય ગુરુદેવની પરંપરાનુસાર જ્યાં-જ્યાં વિચરતા ત્યાં-ત્યાં કોઈ વખતે ગામ બહારના ભાગમાં ઉતરતા હતા તો કોઈ વખતે ગામમાં નિર્દોષ ઉતરવા લાયક સ્થાન મળતાં ત્યાં પણ ઉતરતા.

એક સમયે, ઝાલાવાડમાંથી પસાર થતાં-થતાં પૂજ્ય ગુરુદેવ થાનગઢ




પૂજ્ય શ્રી ડુંગરસિંહજી મહારાજ સાહેબ જે વિસ્તારમાં વિચરણ કરતાં હતાં ત્યાં જંગલના હિંસક પશુઓથી રક્ષા કરવા માટે સંઘ શ્રેષ્ઠીવર્યોએ પહેરેગિરોની વ્યવસ્થા કરી. પહેરેગિરોએ ઠંડીથી બચવા કરેલું તાપણું નિહાળીને પૂજ્ય ગુરુદેવનું દિલ દ્રવી ઉઠ્યું. એક સંતની રક્ષા માટે અગ્નિના અસંખ્ય જીવોની હિંસા થાય તે યોગ્ય નથી, તેવા વિચારથી પૂજ્ય ગુરુદેવે જંગલ છોડીને ગામમાં, ઉપાશ્રયોમાં રહેવાનો નિર્ણય કર્યો.

ગામ પાસે પધાર્યા. ગામની નજીક એક ધાર હતી. આ ધારમાં એક ગુફા હતી ત્યાં પૂજ્ય શ્રી ડુંગરસિંહજી સ્વામી શિષ્યો સાથે રાત્રિ-વિશ્રામ લેવા બેઠા.

આ ધાર અને અડખેપડખેનું જંગલ-વેરાન જગ્યા હતી. હિંસક પશુઓનો પણ ભય હતો.

શ્રાવકોને ખબર પડતાં સર્વ પૂજ્ય ગુરુદેવ પાસે આવ્યા. 'ગુરુદેવ ! આવી હિંસક અને અવાવરુ જગ્યામાં રાતવાસો કેમ થાય ? આપ ગામમાં પધારો. આ ભયાવહ સ્થાન છે.' શ્રાવકોએ હાથ જોડીને વિનંતી કરી.

**'જેનામાં ધર્મ જીવે છે, એનાથી ભય દૂર ભાગે છે. તમે ચિંતા ન કરો, અમારી ચિંતા તો ભગવાન કરશે !'** પૂજ્ય ગુરુદેવ બોલ્યા.

વંદન કરીને શ્રાવકો તો ગામમાં ચાલ્યા ગયા. પણ જતાંની સાથે જ 'પૂજ્ય ગુરુદેવનું રક્ષણ ભગવાન તો કરશે, પણ સાધુની સુરક્ષા કરવી તે શ્રાવકોનો ધર્મ તો ખરો ને !' એમ માનીને, પૂજ્ય ગુરુદેવને ખબર ન પડે તેમ, રાત વેળા બે ચોકિયાતો મૂકી દીધા.

'મેરુ ચળે પણ મન નહીં.' આવા અડગ શ્રધ્ધાવાન પૂજ્ય ગુરુદેવ શ્રી ડુંગરસિંહજી સ્વામીના શિષ્યો તો પ્રતિક્રમણ કરીને સ્વાધ્યાયનો સંગ કરી પૂજ્ય ગુરુદેવના પાવન સાંનિધ્યમાં પરમશાંતિ અનુભવતા નિદ્રાદેવીના ખોળે પોઢી ગયા હતા.

રાત્રિ પસાર થઈ રહી હતી. લગભગ બે વાગ્યે, પૂજ્ય શ્રી ડુંગરસિંહજી સ્વામી પરઠવા બહાર નીકળ્યા. ચોતરફ અંધકાર હતો. ગુફાના દ્વાર પાસે ઊભા રહીને રાત્રિ કાળનો તાળો મેળવવા માંડ્યા. આકાશ તરફ આંખો માંડીને આકાશના નક્ષત્રમંડળને જોવા માંડ્યા.

સૂત્રાનુસાર જૈન જ્યોતિષનું પણ પૂજ્ય શ્રી ડુંગરસિંહજી મહારાજ સાહેબને પ્રબળ જ્ઞાન હતું ને તે જ સમયે, પૂજ્ય ગુરુદેવે થોડે જ છેટે બે ચોકિયાતોને, તાપણા સળગાવી બેઠેલા જોયા. બંને વારાફરતી હૂક્કો ગગડાવતા હતા.

પૂજ્ય ગુરુદેવ, નિર્ભય થઈને તે બંને માણસો પાસે જઈ પૃચ્છા કરી ત્યારે ખબર પડી કે થાનના દોઢીવાળા શ્રાવકોએ પોતાની સુરક્ષા માટે મોકલાવ્યા છે.

**પોતાને માટે, પોતાની સુરક્ષા માટે થઈ રહેલા અગ્નિકાયની હિંસાથી પૂજ્ય ગુરુદેવનું હૃદય દુભાયું.**

આ ઘટના વિષે વિચાર કરતાં ગુરુદેવને લાગ્યું કે સમય બદલાવા લાગ્યો છે. ગામ બહારના સ્થાને કે જંગલમાં રહેવાથી અશ્રેયના કારણ ઉપજવા સંભવ છે, માટે હવેથી જ્યાં-જ્યાં વિચરવું ત્યાં ગામની અંદર જ કોઈ નિર્દોષ સ્થાન શોધી ઉતરવું.

પ્રાતઃકાળની સાધુચર્યા વિધિવત્ પાળ્યા બાદ સાધુસંતો સાથે પૂજ્ય ગુરુદેવ ત્યાંથી વિહાર કરી થાન ગામમાં પધાર્યા અને નિર્દોષ સ્થળની આજ્ઞા માંગી ઉતર્યા. જે સ્થાને પૂજ્ય ગુરુદેવ વગેરે ઉતર્યા હતાં તે સ્થાન એક જૈનેત્તરનું હતું.

એ વ્યક્તિને કોઈ ધર્મવિરોધી વ્યક્તિએ જૈન સંતો વિષયક ખોટું સમજાવ્યું હતું તેથી તેમણે કહ્યું કે, આપ અમારા મકાનમાં આજ્ઞા મેળવી ઉતર્યા છો એ ઠીક છે પરંતુ આપના ગયા બાદ અમારે મકાનમાં ગાર કરાવવી પડશે કારણ કે આપના ઉતરવાથી અમારું મકાન અપવિત્ર થયું છે. પૂજ્ય ગુરુદેવે તેની ભ્રમણા ભાંગવાનો તથા સત્ય વસ્તુ સમજાવવાનો ઘણો પ્રયત્ન કર્યો, પરંતુ તે સમજ્યા નહીં. પૂજ્ય ગુરુદેવ તે સ્થાન છોડી બીજું મકાન યાચી તેમાં રહ્યાં. પછી પેલા ભાઈએ પોતાના મકાનમાં ગાર કરાવી.

આ વસ્તુની પૂજ્ય ગુરુદેવને જાણ થતાં લાગ્યું કે સમય બદલાતો જાય છે. આવા આરંભના કાર્યો અમારા નિમિત્તે થાય, તે કરતાં તો શ્રાવકોને ધર્મક્રિયા કરવા માટે બંધાવેલા ચોક્કસ ધર્મસ્થાનો જ્યાં હોય ત્યાં શય્યાતરની રજા મેળવી ઉતરવું વધારે સારું છે. ત્યાર પછી પૂજ્ય સંતો શ્રાવકોની પૌષધશાળામાં ઉતરવા લાગ્યા. આ રીતે પૂજ્ય ગુરુદેવની દીર્ઘદ્રષ્ટિ તથા વિશાળ વિચારધારાથી સમયાનુસાર પૂજ્ય સંતોની સમાચારીમાં પરિવર્તન આવ્યું.

## પ્રતિષ્ઠત શ્રી ગોંડલ સંઘ

પૂજ્ય ગુરુદેવ સંત પરિવાર સાથે ગ્રામાનુગ્રામ વિચરણ કરતાં અનુક્રમે ગોંડલ શહેરમાં પધાર્યા.

એ વખતે ગોંડલની રાજગાદી ઉપર નામદાર ઠાકોર સાહેબ શ્રી કુંભાજી રાજ્યતંત્ર ચલાવતા હતાં. ગોંડલમાં દશાશ્રીમાળી સ્થાનકવાસી માન્યતાના લગભગ 1200 ઘર હતા. જૈન સંઘ સંગઠિત અને પ્રતિષ્ઠિત હતો. જૈનોનું રાજદરબારમાં ઘણું જ માન હતું.

ગોંડલના જૈનો પૂર્વ પુણ્યોદયે ઋદ્ધિ-સમૃદ્ધિથી સુખી અને સાધન સંપન્ન



ગણાતા હતા. તેઓ માત્ર શ્રીમંત હતા એટલું જ નહીં પણ શ્રીમંતાઈનો સદ્ઉપયોગ પણ કરી જાણતા હતા. તેઓ દયા-દાનાદિ કાર્યોમાં સમયે-સમયે ધનનો સદ્વ્યય કરતા અને સત્કાર્યોમાં સૌની મોખરે રહી પોતાની ધાર્મિકવૃત્તિનો પરિચય આપતા.

## યુગપ્રધાન સમયોગ્યતા

પૂજ્ય શ્રી ડુંગરસિંહજી મહારાજ સાહેબ શિષ્ય પરિવાર સાથે ગોંડલ પધાર્યા હતા. તેમના આગમનના સમાચાર મળતાં જ આજુબાજુમાં વિચરતા તેમના આજ્ઞાનુવર્તી બીજા સંતો અને સાધ્વીજીઓ પણ ધીરે-ધીરે પૂજ્ય ગુરુદેવના દર્શનાર્થે આવવા લાગ્યાં. આ રીતે આ વખતે ગોંડલમાં સારી સંખ્યામાં સાધુ-સાધ્વીજીનો મેળો ભેગો થયો. સહુ પૂજ્ય ગુરુદેવની વાણીનો અણમોલ લાભ લેતા હતા. શાસ્ત્રોનાં ઊંડાં રહસ્યો અને સાધુ આચારની મર્યાદાઓ વિષયક ચર્ચાઓ ચાલતી. પૂજ્ય ગુરુદેવ શ્રાવક ધર્મને પણ સચોટ રીતે સમજાવતા. પરિણામે આખાયે શ્રાવક સમાજ પર પૂજ્ય ગુરુદેવનો એક અવર્ણનીય પ્રભાવ ફેલાયો. શ્રાવકોના મનમાં કંઈક કરી છૂટવાની ભાવના જાગી. તેઓ વિચારવા લાગ્યા કે-

આવા મહાન યુગપુરુષ, વિશિષ્ટ જ્ઞાની, સમર્થ મહાત્માનો વ્યવસ્થિત લાભ લેવાય તો શાસનની ઉન્નતિ સાથે ધર્મનો ઘણો સારો પ્રચાર થાય. શ્રાવક સમાજ પણ પોતાના હેય અને શ્રેયને સમજી શકે પરંતુ કોઈ પણ કામ કરવા માટે સંગઠન અને એકતા અનિવાર્ય છે. સંગઠન વગરનું બળ વ્યર્થ જાય છે અને જો સંગઠન હોય તો શક્તિનો સંચય થઈ ઘણાં જ સર્જનાત્મક કાર્ય થઈ શકે છે. તેના માટે કોઈ એક ક્ષેત્રને કેન્દ્રરૂપે સ્થાપવું જોઈએ. તેમાં પૂજ્ય ગુરુદેવની પ્રેરણા મળતી રહે અને તેઓશ્રીની કાર્યશક્તિનો લાભ મળે. આ કાર્યમાં શ્રીસંઘે સમય-શક્તિ આપી યથોચિત સહયોગ આપવો જોઈએ તો જૈન શાસનની શાન અને શોભા બંને વધે. આવો વિચાર-વિમર્શ કરી શ્રીસંઘના આગેવાન શ્રાવકોએ પૂજ્ય ગુરુદેવનાં ચરણોમાં સવિનય પ્રાર્થના કરી કે, ''હે ગુરુદેવ ! આપના પ્રેરક અને રોચક ધર્મોપદેશથી અમે ખૂબ જાગૃત થયા છીએ. આપશ્રી જેવા પ્રભાવશાળી મહાપુરુષોના શુભ પ્રયત્નથી જ સમાજ જાગૃત થાય છે. સમાજમાં આવેલો પ્રમાદ દૂર થાય છે અને ચેતન આવે છે, માટે ધર્મપ્રચારની આ ઘડીએ આપશ્રી સમાજની જાગૃતિ અને ધર્મોદ્ધારની શુભ પ્રવૃત્તિને આગળ વધારવા માટે ઝુંબેશ ઉઠાવો. આપના આ સત્કાર્યમાં અમે પણ આપને યથાશક્તિ અવશ્ય મદદગાર થઈશું. આપ આપના આજ્ઞાનુવર્તી સંતો તથા સાધ્વી સમુદાયને પણ આજ્ઞા આપો અને આ ધર્મકાર્યને વ્યવસ્થિત કરવા માટે સમાજના, ચતુર્વિધ શ્રીસંઘના કેન્દ્રસ્થાનરૂપ આ ગો-મંડળ (ગોંડલ) ને મુખ્ય સ્થાન બનાવો.''

## આચાર્ય પદ પ્રદાન તથા ગોંડલ ગચ્છ સ્થાપના

ગોંડલ સંઘના ભક્તિવાન શ્રાવકોની હાર્દિક અને શ્રદ્ધાભરી વિનંતી સાંભળી પૂજ્ય ગુરુદેવે તેના પર ગહન ચિંતન કર્યું અને પોતાના સંત-સતીજીઓ સાથે પણ આ વિષય પર વિચાર-વિનિમય કર્યા. સહુની સંમતિથી શાસન અને સમાજના હિતને દૃષ્ટિ સમક્ષ રાખીને તે સમયે ગોંડલને ધર્મપ્રચારના કેન્દ્રસ્થાન તરીકે જાહેર કર્યું. એ સમય હતો સંવત 1845નો. આ શુભ જાહેરાતના સમાચાર વાયુવેગે આસપાસ સર્વત્ર પ્રસરી ગયા અને ગામોગામના શ્રાવકો દર્શનાર્થે આવવા લાગ્યા.

વિ. સં. 1845 મહા સુદ-પાંચમના મંગલ દિને પૂજ્ય શ્રી ડુંગરસિંહજી મહારાજ સાહેબને આચાર્યપદથી વિભૂષિત કરવામાં આવ્યાં. આ સુવર્ણપળે 'શ્રી ગોંડલ સંપ્રદાય'ની સ્થાપના થઈ. આ અલગ સંપ્રદાય થવા પાછળ કોઈ મતભેદ ન હતાં પરંતુ સમાજને વધુ સુસંગઠિત બનાવવો તેમજ લોકોમાં ધર્મજાગૃતિ લાવવી એ હેતુસર એક મુખ્ય કેન્દ્રની જરૂરિયાત જણાતાં ગોંડલને મુખ્ય ક્ષેત્ર તરીકે માન્યતા આપી, જે સમાજની દૃષ્ટિએ પ્રશંસનીય પગલું હતું.

આ પ્રસંગ પછી અનેક મુમુક્ષુ આત્માઓ વૈરાગ્યરસિક બની પૂજ્ય આચાર્યદેવના શરણમાં આવી સાધુ બન્યા અને કેટલાંક શ્રાવકોનાં વ્રતોથી વિભૂષિત થઈ સંયમમય જીવન જીવવા કટિબદ્ધ બન્યા. પૂજ્યશ્રીની પ્રેરણાથી સમાજમાં વ્રત-નિયમ-પ્રત્યાખ્યાન આદિ ધર્મકરણી સારા પ્રમાણમાં થઈ રહી હતી. એ જ રીતે વ્યસનત્યાગનો પણ જુવાળ જાગ્યો હતો. આચાર્યપ્રવર પૂજ્ય શ્રી ડુંગરસિંહજી મહારાજ સાહેબનો વિશાળ સાધુ-સમુદાય તથા મોટો વર્ગ શ્રમણોપાસક તરીકે તૈયાર થયો.

સંયમ પર્યાયનાં 56 વર્ષ સુધી પૂજ્યશ્રીએ કાઠિયાવાડનાં નગરોમાં, ગામોમાં તથા નાના ગામડાઓમાં ધર્મદીપક પ્રગટાવ્યો અને ધર્મદેશનાની અમૃતધારા વરસાવી હતી.

## શ્રી ગોંડલ નવાગઢ સ્થાનકવાસી જૈન સંઘની સ્થાપના

સંયમની આવી શ્રેષ્ઠ સાધના કરતાં, 78 વર્ષની વૃદ્ધાવસ્થાએ પહોંચેલ દેહ વિહાર કરવા વધારે સમર્થ ન જણાતા અનેક શ્રીસંઘોની વિનંતીમાંથી ગોંડલ શ્રીસંઘને સં.1871માં આ મહાપુરુષનાં સ્થિરવાસનો સુવર્ણ અવસર પ્રાપ્ત થયો. થોડા સમય બાદ અકથ્ય કારણોસર પૂજ્યશ્રી ડુંગરસિંહજી મહારાજ સાહેબ વિહાર કરીને ગોમટા પધારતાં ફરીવાર શ્રીસંઘ અને રાજમાતા વિનંતી કરતાં ગોંડલના નવાગઢ વિસ્તારમાં પધાર્યા અને સં.1873 માં શ્રી ગોંડલ નવાગઢ સ્થાનકવાસી જૈન સંઘની સ્થાપના કરી.

## અંતિમ સાધના

સમય પસાર થતો ગયો. દેહની શક્તિઓ ક્ષીણ જણાતા પોતાના જ




> **શ્રી સિદ્ધ પહુડિયા ગ્રંથમાં એકાવતારી આત્મા સ્વરૂપે અંકિત થયું હતું આચાર્યદેવ પૂજ્ય શ્રી ડુંગરસિંહજી મહારાજ સાહેબનું ધન્ય નામ !**

સુયોગ્ય શિષ્ય પૂજ્ય શ્રી ભીમજી સ્વામી કે જેમનું પૂજ્યશ્રીએ એવી જ રીતે ઘડતર કર્યુ હતું તેમને વિ.સં. 1877માં આચાર્યપદે સ્થાપી, ચતુર્વિધ સંઘની સંપૂર્ણ જવાબદારી તેમને સોંપી પોતે સર્વ બાહ્ય વ્યવહારોથી મુક્ત થયા. તત્પશ્ચાત પોતાનો સંપૂર્ણ સમય માત્ર આત્મજ્ઞાન અને આત્મધ્યાનમાં વ્યતીત કરતાં રહ્યાં અને તે જ વર્ષના ફાગણ સુદ 14ના દિવસે ગોંડલમાં યાવજ્જીવનનું અનશન આદર્યુ. સમાધિભાવે બે મહિના જેટલો સુદીર્ઘ કાળ સમાધિભાવે વિતાવી વૈશાખ સુદ પૂનમના દિવસે એ દિવ્ય આત્મા દિવ્યલોકમાં સંચરી ગયો.

'સિદ્ધ પાહુડિયા' નામના એક પ્રમાણભૂત ગ્રંથના આધારે કહી શકાય કે ગચ્છાધિપતિ નિદ્રાવિજેતા, ઉદારચેતા, શાસ્ત્રવેત્તા, આચાર્યદેવ પૂજ્યશ્રી ડુંગરસિંહજી મહારાજ સાહેબ એકાવતારી આત્મા છે-અર્થાત હવે પછી એક ભવ કરી મોક્ષે પધારવાની અત્યુત્તમ યોગ્યતા તેમણે તેમના પોતાના જીવનમાં પ્રગટાવી હતી.

નોંધ: 'સિદ્ધ પાહુડિયા'-ગ્રંથ બિકાનેર ગ્રંથ ભંડારમાં છે. તે ગ્રંથ 1100 (અગિયારસો) વર્ષ પુરાણો, પ્રાચીન લિપિમાં તાડપત્ર પર લખાયેલ છે. તેમાં 1100 વર્ષ પછીની પણ (એટલે કે ગ્રંથ લખાયા પછીની) હકીકતો ભૂતકાળના ઈતિહાસ સાથે તાદશ જોવા મળે છે. આ ગ્રંથમાં એકાવતારીનાં નામોમાં (એક ભવ કરી મોક્ષ જનારામાં નામો) પૂજ્ય પ્રાત: સ્મરણીય આચાર્યદેવ પૂજ્યશ્રી ડુંગરસિંહજી મહારાજ સાહેબનું શુભ નામ પણ આવે છે એટલે આ સિદ્ધ પાહુડિયા ગ્રંથના વર્ણન અનુસાર તેઓશ્રી એકાવતારી થયા હોય તેમ માનવા માટે પ્રમાણભૂત આધાર છે.



Gachhadhipati Acharyapravar

# Pujya Shree Dungarsinhji Swami

Mendarda- Mahendrapur was a small village situated near Junagadh in the blessed region of Saurashtra, which is known as the birthland of many revered saints. Approximately 285 years from today, this was a prosperous village with commendable stature. At that time, the population of Jains living in this village was also significant. A noteworthy family of this village was Sheth Shri Kamalsinhbhai Badani and his wife Shri Hirbai, who were living a peaceful and contented family life. Their life was built on the foundational values of integrity, honesty, righteousness and simplicity. They held a respectable position in the Badani family. For business purposes, Shri Kamalsinhbhai travelled with his family from Mendarda to Mangrol.

## An Auspicious Dream:

Shri Hirbai was a devout and respectable lady. She had a young daughter named Velbai. One night, mother Shri Hirbai saw an auspicious dream when she was in a semi-conscious phase of her sleep. In the dream, she saw a gigantic, lush green mountain and the king of the jungle – a magnificent lion coming out of that mountain, as if it was taking powerful strides and walking towards her. The mother who bears a courageous and prodigious child is brave, valiant and lionhearted herself too. Immediately realising that this dream is indicative of something extraordinary, she renounced her sleep and immersed herself in *dharmajagran*. With time, the tenure of mother Hirbai's pregnancy came to an end. On a bright and radiant morning in the year of vikram samvat 1792, she gave birth to a blessed baby boy. The child was named as Dungarsinh – indicative of the auspicious dream which the mother had seen.

## A Morally – Enriching Childhood:

Shri Dungarsinh had a comfortable and easy-going childhood with favourable circumstances. Along with formal education, the parents were also taking considerable efforts to nurture ethics and moral values in their children. As though the young Dungarsinh had carried forward a wealth of values from his past life, one could see virtues like compassion, love, calmness and endurance in this child since a very young age. He had a strong influence on any person that he met, by virtue of his inner respect and maturity of thoughts. Everybody would feel that this child is unlike other children, there is something special about him. Mother Hirbai had four daughters and two sons, a total of six children. The children grew up, and as a parental responsibility, Shri Kamalsinhbhai married his four daughters into well-mannered and respectable families.

## Sowing the Seeds of Vairagya:

Shri Dungarsinhbhai's elder sister, Velbai, was married into a family from Divbandar. All of a sudden, her husband, Shri Ratanshibhai met an untimely death and she became a widow with two young children – Hirachand and Mankuvar. It was as if lightning had struck Shri Kamalsinhbhai's family. Shri Dungarsinhbhai contemplated silently and deeply about this incident. What is this entire game of life about? What is the cause of birth and death? He was trying to decipher the secrets of these fundamental questions about existence. After deeply pondering about these realities, he realised the temporary nature of all relationships. He realised that when karma strikes, there is no one who can protect or provide refuge to the soul. And this contemplation sowed inside him the seeds of vairagya. On the other hand, to sympathise with his daughter who had lost the support of her life, Shri Kamalsinhbhai and the entire family shifted to Divbandar. Thus, initially natives of Mendarda, this family first shifted to Mangrol and eventually settled in Divbandar.

## Mahabhinishkraman Yatra (Diksha) of Five Souls:

With time, Shri Dungarsinhbhai grew up. In vikram samvat 1814, the well-known and revered Acharya Shree Ratnasinhji Maharaj Saheb arrived at Divbandar for the chaturmas. On coming into his contact, Shri Dungarsinhbhai's inner vairagya bhaav became even stronger. And finally, he took the decision of renouncing the materialistic world and adopting the path of Jain Diksha. The vibrations of his vairagya inspired vairagya bhaav in his mother, Shri Hirbai's heart too. Following her footsteps, his widowed sister Velbai and her two children Hirchandbhai and Mankuvarben also expressed the desire to adopt Jain Diksha. After the chaturmas ended, on the day of Kartak Vad Dasham in vikram samvat 1815, these five souls were blessed with the vows of Jain Diksha by Pujya Acharya Shree Ratnasinhji Maharaj Saheb. Five members of one family took the valorous path of diksha, and began their journey of *moksh marg*.

## Saiyam Sadhana:

Pujya Shree Dungarsinhji Maharaj had given equal importance and emphasis to the two core values of swadhyay and tapasya in his saiyam life. He would always stay immersed in scriptural studies. In a very young age, he resolved to renounce his sleep, which was proving to be an obstacle in his spiritual studies. At night, he would sit on a table which was only about two and a half feet long and become immersed in his studies. If he felt sleepy, then he would stand up and continue with his studies. Sometimes, he would stand on one foot and practice Kayotsarg. To make sure that he doesn't take even a small nap, he would tie a rope to his ears and attach that rope to a nail in the ceiling. In this way, he renounced his sleep for a period of five and a half years. In that very age, he became a conqueror of sleep and deeply studied dharma shastra, darshan shastra and various other subjects. He made sincere efforts to



master the qualities of tapasya, endurance and will power in his life. With the agna of his Guru, he travelled across several hundred kilometres to spread the values and teachings of Jainism in countless hearts.

## Preserving the Sanctity of Saiyam and Initiating a Revolution:

Once, Pujya Gurudev was doing vihar with his saints and reached near Thangadh. He decided to stay inside a cave on the outskirts of the village. The region was surrounded by a jungle, and hence, the fear of wild animals existed. Shravaks from Thangadh arrived for Pujya Gurudev's darshan and requested him to come inside the village, "O Gurudev! Instead of spending the night at this dangerous site, we request you to please come to the village and stay there in a safe place." Pujya Gurudev replied, "With the blessings of dharma, no problems will arise. Don't worry." The shravaks accepted the Guruvachan (his words), and returned back to the village. In this manner, the day came to an end. As the night fell, all the saints became engrossed in pratikraman, swadhyay, etc. And Pujya Gurudev reclined in solitude in his own deep contemplation.

After returning to the village, the shravaks deployed two armed men and sent them for protecting Pujya Gurudev and the saints from wild animals. These men lit cigars, started a bonfire and stayed awake throughout the night. Early morning when Pujya Gurudev awoke and came out of the cave to dispose off the bodily excretions, he saw these two men. On enquiring, he got to know that the shravaks of Thangadh had sent them to protect him and his saints. On seeing that a fire had been lit for his sake, he was deeply moved by the violence that it had caused to fire-bodied beings and several other tiny insects and vegetative life.

From this incident, Pujya Gurudev thought about the future with a visionary perspective. He saw that the times were changing. Staying outside the village premises in jungles or isolated places was not looking safe any longer. And so, he took a decision to stay in any safe premise inside the village from then onwards.

The next day, he travelled and reached Thangadh village. He asked for permission and stayed at a safe and *nirdosh* premise (a place which did not incur any sin as per the saiyam lifestyle). The house belonged to an individual from a different faith. Some hostile person had spread false news about Jain saints and deluded this individual's mind. That man thus told Pujya Gurudev, "Since you have stayed in our home, we will have to purify and whitewash our entire home. Our house has become impure with your stay." Pujya Gurudev tried a lot to explain to him, but he was not ready to pay heed to his words. Pujya Gurudev left that place and instead took permission to stay at another premise. Afterwards, that gentleman whitewashed his entire house. When this news reached Pujya Gurudev, he thought about a different perspective. Instead of becoming a cause of any such activities which involve a certain degree of violence to tiny living beings, it is better to seek an isolated place which shravaks have created especially for their own religious practice. And thus, began the tradition where saints would come and live in a shravak's *paushadhshala* (a room within the house created especially for their own religious rituals and practices). In this manner, it

was Pujya Gurudev's far-sightedness and broad-minded thinking which brought about a transformation in the *samachari* (saiyam rules and regulations) followed by saints.

While one of his travels, Pujya Gurudev once arrived in the town of Gondal in Saurashtra. In that era, Gondal was a very prestigious town. The well-renowned Thakor Shri Kumbhaji was the ruling king of Gondal state and he was adept at managing the affairs of the state. There were about 1200 Dashashrimali Sthanakwasi Jain families (followers of the sect) in Gondal at that time. The Jain sangh was well-established and united. The sangh consisted of quite a few shravak-shravikas who were devout followers of Jain philosophy and had immense faith and reverence towards Jain nirgranth muni bhagwants. They considered themselves to be *shri amma-piya* (parents) of Jain saints and took great care of their wellbeing.

## Profound Competence as a Revolutionary Leader:

Pujya Shree Dungarsinhji Maharaj Saheb had arrived at Gondal with his disciples. On hearing about his arrival at Gondal, several other sadhu-sadhvijis, who were his agnanuvartis (who followed his agnas and guidance in their saiyam life), started coming for his darshan from the nearby vicinities. And thus, Gondal state became populated with a huge congregation of sadhu-sadhvijis during that year. Everybody was feeling blessed with Pujya Gurudev's profound teachings. Pujya Gurudev was expounding deep secrets from the Aagam shastras and insightful discussions were taking place on the various conducts of saiyam lifestyle. He was also explaining shravak dharma with great depth. As a result, his persona had a deep influence on the entire society of shravak-shravikas. And they felt a deep urge of doing all they could for Pujya Gurudev. They started thinking –

If the society is able to take significant *labh* of such a revered saint, such an enlightened soul, then it will help uplift Jin shasan and be instrumental in spreading the tenets of truth far and wide. Shravaks were clearly understanding what was of utmost benefit to them. However, in order to carry out any task, unanimous support and readiness from one and all is very essential. Without support, one's strength also cannot be fruitful. But where there is support, the strength helps one undertake several creative projects and ideas which are useful for the wellbeing of the whole society. And for doing so, one needs to establish any one place as a central point of all activities. They hoped that they can keep receiving Pujya Gurudev's inspiration from here, and also be blessed with his profound micro energy to accomplish every activity. When the Shri Sangh wholeheartedly contributes its time and dedicated efforts for such activities, then it can help grow the eminence and influence of Jin shasan and take it to greater heights. After contemplating deeply about this, the reputable shravaks of the Shri Sangh made a humble request at Pujya Gurudev's lotus feet,

“O Gurudev! Your inspiring and captivating pravachans have left a deep impact on our lives. It is only by the tireless efforts of great saints like you, that the entire society's spirit remains awakened and we keep



progressing in our spiritual journey. We are able to become free of the stagnation that sometimes seeps into our religious efforts and we become active and energised once again. And so, we are making an ardent request to you, please take a lead to elevate us spiritually and undertake activities to take forward the lamp of religion. We will be supportive to you in every way that we can, to our fullest potential. We request you to please bless your entire samuday of sadhu-sadhvijis who are your agnanuvartis, and establish Go-Mandal (Gondal) as the epicentre of all your religious activities for the chaturvidh shri sangh."

## The honourable title of 'Acharya' and establishment of Gondal Gachh:

After listening to this heartfelt request from devout shravaks of Shri Gondal Sangh, Pujya Gurudev contemplated upon it deeply. He also discussed it at great length with his sadhu-sadhvijis. With a unanimous consent from one and all, and envisioning the positive impact of such a step for the welfare of Jin Shasan as well as the society, Pujya Gurudev declared Gondal as the centre for all his religious activities. That was the year of vikram samvat 1845. This news spread like wildfire and shravak-shravikas from numerous towns and villages in the vicinity started coming to Gondal for Pujya Gurudev's darshan.

Pujya Shree Dungarsinhji Maharaj was honoured with the title of Acharya on the auspicious day of Maha Sud Pancham in vikram samvat 1845. And thus, the Gondal Sampraday was established and embellished in gold words in the sands of time. Establishment of this sampraday was not due to any difference of opinion. Rather, it was established with the intent of strengthening and unifying the Jain community further as there was a need for a centre from which different activities could be initiated for the spread of religious values. As a result, this decision was much appreciated in the entire society and Jain community.

After this occasion, several mumukshus developed deep vairagya bhaav and accepted the vows of Jain Diksha in Pujya Acharyadev's sharan. Several shravak-shravikas also accepted various shravak vows and lived a determined and resolute saiyam-like disciplined lifestyle. With his inspiration, the entire community was practicing various forms of vrats, niyams and pratyakhyans in large numbers. In the same way, there was also a movement to make the society free of addictions. Acharyapravar Pujya Shree Dungarsinhji Maharaj Saheb's samuday of sadhu-sadhvijis started growing larger and so did the samuday of his shravak-shravikas.

For 56 years of his saiyam life, Pujya Shree had travelled across the entire region of Kathiyawad to numerous towns and villages with the intent of enlightening the lamp of religion and showering the nectar of truth.

## Establishment of Shri Gondal Navagadh Sthanakwasi Jain Sangh:

After accomplishing such an extraordinary saiyam sadhana, at the age of 78 years, several shri sanghs

bequeathed him to retire and bless their shri sangh with his stay. From the several requests, Gondal Shri Sangh was blessed with the continuing stay of this great soul in Vikram samvat 1871. After some time, for reasons which cannot be described, Pujya Shree Dungarsinhji Maharaj Saheb departed from Gondal and went to Gomta. Upon the Rajmata's request, he returned to Gondal's Navagadh region and established Shri Gondal Navagadh Sthanakwasi Jain Sangh in Vikram samvat 1873.

## The Final Sadhana:

Time was passing by. When Pujya Gurudev felt that his body was now becoming weak, he blessed his able disciple Pujya Shree Bhimjiswami Maharaj Saheb with the title of Acharya in vikram samvat 1877. After giving him the responsibilities of the chaturvidh sangh, he dedicated his entire time towards his own aatma sadhana, aatma gnan and aatma dhyan. On the day of Faagan Sud Chaudas that very year, he accepted the vows of lifelong Anshan (a vow where one voluntarily gives up food and water to bravely welcome the nature of death and separation of the body and the soul). He spent 2 long months in anshan with great equanimity. Eventually, on the day of Vaishakh Sud Poonam, this divine soul left the mortal body for a heavenly abode.

A well-recognized ancient granth (scripture) named 'Siddha Pahudiya' testifies to the fact that Gachhadhipati Nidravijeta (conqueror of sleep), who had deep knowledge of the scriptures, Acharyadev Pujya Shree Dungarsinhji Maharaj Saheb is an *ekavtari* soul – which means that he is going to take only one more birth and attain liberation in that very birth.

**Note:** The above granth is currently present in Bikaner's granth library. That granth is 1,100 years old, and is inscribed in an ancient language on palm leaf manuscripts. That granth contains several predictions about incidents which would take place even 1,100 years after the granth was written, which are factual and true today. This granth contains a list of names of great souls who shall become *ekavtari* (souls who shall take just one more birth and attain liberation). And Acharyadev Pujya Shree Dungarsinhji Maharaj Saheb's auspicious name is also present in that list. And thus, with this citation in the Siddh Pahudiya Granth, we can authentically say that Pujya Shree would have become an *ekavtari* soul.



Let's adopt this quality from
Dada Gurudev

**Digesting every adversity and establishing peace**

was

Acharyadev Pujya Shree
Dungarsinhji Maharaj Saheb's

**JEEVANMANTRA**

# હે વત્સ ! તું નિદ્રાને માન ન આપીશ

**-રાષ્ટ્રસંત પૂજ્ય ગુરુદેવ શ્રી નમ્રમુનિ મહારાજ સાહેબના શ્રીમુખેથી પ્રગટેલ આગમ વાંચના...**

**णिद्दं च ण बहु मण्णिज्जा, संप्पहासं विवज्जए।**
**मिहो कहाहिं ण रमे, सज्झायम्मि रओ सया।।**

**શ્રી દશવૈકાલિક સૂત્ર, અધ્યયન-8, ગાથા-42**

નિદ્રાનો નિયમ હોય છે, આમંત્રણ આપો તો આવે અને વિદાય આપો તો જાય.

નિદ્રાને જો આમંત્રણ આપીએ તો દિવસના સમયે પણ જ્યાં બેઠા હો ત્યાં બેઠાં-બેઠાં પણ ઊંઘ આવી જાય અને જો વિદાય આપી દો તો અર્ધી રાત્રે પણ ચાલી જાય.

સાધક એ જ હોય જે સ્વાસ્થ્ય માટે જરૂરી હોય ત્યારે જ નિદ્રાનો સ્વીકાર કરે, સુખ માટે કયારેય નહીં.

સાધુને કયારેય સૂવાનું ગમે નહીં, એને સૂવું પડે.

જેને સૂવું પડે એના મનમાં એક ડંખ હોય, કે શારીરિક ક્ષમતા ન હોવાના કારણે મારે સૂવું પડે છે, મારા શરીર પર મારો કંટ્રોલ નથી, મારું આધિપત્ય નથી એટલા માટે મારે સૂવું પડે છે. જો હું થોડી ઓછી નિદ્રા કરું છું તો બીજે દિવસે મારું સ્વાસ્થ્ય બગડે છે અને સ્વાસ્થ્ય બગડવાને કારણે મારી સાધના અને મારા સ્વાધ્યાય પર એની અસર પડે છે.એટલે જેમને સૂવું પડે એમને અંદરમાથી આંસુ આવવા જોઈએ,

**હે પ્રભુ ! જેટલી ક્ષણો, જેટલો સમય હું નિદ્રા કરું છું, એટલો સમય હું તારાથી દૂર થઈ જાઉં છું.**

સૂવાનો પણ જેને ખેદ જાગે તે સાધુ કહેવાય છે.


જેને પ્રમાદનો પણ ખેદ જાગે તે સાધુ કહેવાય છે.

નિદ્રા એ એક પ્રકારનો પ્રમાદ છે.


ઉપવાસ કરવો, બ્રહ્મચર્ય પાળવું, અસત્ય ન બોલવું સહેલું છે, પણ પોતાની નિદ્રાનો ત્યાગ કરી સ્વયંને જાગૃત રાખવા તે અત્યંત કઠિન છે.

પ્રભુ એ સાડા બાર વર્ષની સાધનામાં ભાગ્યે જ નિદ્રાનું સેવન કર્યું હતું અને માટે જ ભગવાને કહ્યું છે, **જો તું આત્મ સાધક છે તો** તું નિદ્રાને માન ન આપીશ, નિદ્રાને આમંત્રણ ન આપીશ !

**દાદા ગુરુદેવ પૂજ્ય શ્રી ડુંગરસિંહજી મહારાજ સાહેબ** પણ સાડા પાંચ વર્ષ સુધી નિદ્રાનો ત્યાગ કરી નિદ્રા વિજેતા બન્યા હતાં.








યુવાન વયે સંત પૂજ્ય શ્રી ડુંગરસિંહજી મહારાજ સાહેબ... જ્ઞાન-ધ્યાનની સાધના સાથે સમતાભાવે એક પગે ઉભા રહીને કાયા ક્લેશની કઠિન સાધના કરતાં હતાં. રાત્રે ક્ષણમાત્ર પણ નિદ્રા ન આવી જાય તે માટે છતના ખીલે બાંધેલી દોરીના આધારે રહીને સતત જાગૃત રહેતા, આ રીતે સાડા પાંચ વર્ષ સુધી નિદ્રાનો ત્યાગ કરીને નિદ્રાવિજેતા બન્યાં.

Registered with Registrar of Newspapers under RNI NO. MAHGUJ/2008/37878
Postal Registration No. MCN/94/2020-2022 Published on 5th of every month
Licensed to post without prepayment, WPP license No. MR/Tech/WPP-157/North/2020-2022
JAIN KRANTI - Posted at Mumbai Patrika Channel Sorting Office, Mumbai-1. Posting date 5/6-6-2021

# આચાર્ય ગુરુવર ડુંગરસિંહજી મહારાજ સાહેબની વંદનાવલી



1) જે જન્મે અનુપમ સ્વપ્ન લઈ, માતાની કુક્ષિએ અવતર્યા,
સામર્થ્ય સિંહ સમું ધરી, ડુંગર સમ નિષ્કંપતા,
ડુંગર સિંહ સ્વપ્નમાં આવી, માતાને ભાવિ દર્શાવતા,
એવા ગુરુ ડુંગરને, ભાવે કરું હું વંદના..
એકાવતારી ડુંગર ગુરુને, ભાવે કરું હું વંદના...

2) જે બાળ ક્રિયાઓ વડે, મા હીરબાને હરખાવતા,
પિતા કમળશીભાઈના નંદ, સહુને આનંદમાં રાખતા,
મેળવતા સ્વ ભાગ્યનું, ત્યાગી તે અન્યને અર્પતા. **એવા...**

3) જન-જનને માની સ્વજન, સ્નેહ ધરી સંભાળતા,
મળે માન કે અપમાન તોયે, રાખે સદા સહર્ષતા,
સોળે કળાએ ચંદ્રની, શીતળતા અવધારતા. **એવા...**

4) સ્વજનની વિદાયથી વૈરાગ્ય સંસ્કારો દ્રઢ થયા,
એકસાથે પરિવારના પાંચે જીવો દિક્ષિત થયા,
ભવસાગરે તરી સ્વયં, અનેકાનેકને તાર્યા. **એવા...**

5) જિનવાણીથી ભવિજીવોના ભાવશુદ્ધિની ભાવના,
ચતુર્વિધ સંઘને કરાવી રત્નત્રયની આરાધના,
ઉત્તમ ક્ષમા પ્રગટાવનારા, નરરત્ન મહામાનવ થયા. **એવા...**

6) ગ્રામાનુગ્રામ વિચરણ કરી, અધ્યાત્મ બીજને વાવીયા,
જૈન જૈનેત્તરમાં જગાવી, જિનેશ્વરોની આસ્થા.
ધર્મના કેન્દ્રસ્થાનરૂપે, ગોંડલ ગચ્છની કરી સ્થાપના. **એવા...**

7) અનંત સિદ્ધોમાં સમાવવા, અનહદ કરીને સાધના,
દિન-રાતની નિદ્રાને ત્યાગી, અનાદિ દેહાધીનતા,
અમૂલ્ય આત્મજ્ઞાનનાં રહસ્યને અનુભવતા. **એવા...**

8) શાસનના આકાશમાં, તેજસ્વી નક્ષત્ર સમા,
બહુશ્રુત અંતરમાં વસાવી, આચાર્ય પદમાં બિરાજતા,
યુગો સુધી સુકૃત્ય સર્વે, તવ નામથી સાર્થક થતા. **એવા...**

9) ગોંડલ ગચ્છ સંસ્થાપક, સમાધિસ્થ ગોંડલમાં થયા,
અનશનધારી આપે કરી, દ્વિ માસની આરાધના,
આત્માની શાશ્વત સ્થિતિ માટે એકાવતારને પામતા. **એવા...**

– દાદા ગુરુદેવના ચરણકમળમાં પરમ મહાસતીજીઓના અભિવંદન, ભાવ વંદન